પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષઃ૨૫, અંકઃ૫૪, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૫-૧૦-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 54 PRICE :-RS. 1.50 DATE : 25-10-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678
પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### મન કી બાતમાં વડાપ્રધાનમોદીનો રાષ્ટ્રને સંદેશ

# 'દિવાળી' પર ખરીદીનો અર્થ 'વોકલ ફોર લોકલ'



નવી દિલ્હી,
વડા પ્રધાન મોદીએ કહ્યુ કે આપે જોયુ હશે કે તાજેતરમાં જ ગુજરાત પોલીસે કચ્છના લખપત કિલ્લાથી સ્ટેચ્યુ ઑફ યુનિટી સુધી બાઈક રેલી નીકાળી છે. ત્રિપુરા પોલીસના જવાન તો એકતા દિવસ મનાવવા માટે ત્રિપુરાથી સ્ટેચ્યુ ઑફ યુનિટી સુધી બાઈક રેલી કરી રહ્યા છે એટલે કે પૂરબથી ચાલીને પશ્ચિમ સુધી દેશને જોડી રહ્યા છે. જમ્મુ-કાશ્મીર પોલીસના જવાન પણ ઉરીથી પઠાનકોટ સુધી આવી જ બાઈક રેલી કાઢીને દેશની એકતાનો સંદેશ આપી રહ્યા છે. હુ આ તમામ જવાનોને નમન કરૂ છુ. તેમણે આગળ કહ્યુ કે જમ્મુ-કાશ્મીરના જ કુપવાડા જિલ્લાની કેટલીક બહેનો વિશે પણ મને જાણવા મળ્યુ છે. આ બહેનો કાશ્મીરમાં સેના અને સરકારી ઓફિસો માટે તિરંગા સિવવાનુ કામ કરે છે, આ કામ દેશભક્તિની ભાવનાથી ભરેલુ છે. હુ આ બહેનોની ભાવનાની કદર કરૂ છુ. આપે પણ ભારતની એકતા માટે, ભારતની શ્રેષ્ઠતા માટે કંઈને કંઈ કરવુ જોઈએ, જોજો આપના મનને કેટલી સંતુષ્ટિ મળે છે. પીએમ મોદીએ કહ્યુ કે અમૃત મહોત્સવમાં પણ પોતાની કલા, સંસ્કૃતિ, ગીત અને સંગીતના રંગ અવશ્ય ભરવા જોઈએ. મારે પણ આપની જેમ અમૃત મહોત્સવ અને ગીત-સંગીત-કલાની આ તાકાત સાથે જોડાયેલા ઘણા સૂચનો આવી રહ્યા છે. આ સૂચનો, મારા માટે ઘણા મૂલ્યવાન છે. મે આને સંસ્કૃતિ મંત્રાલયને અધ્યયન માટે મોકલ્યા હતા. મને ખુશી છે કે મંત્રાલયે આટલા ઓછા સમયમાં આ સૂચનોને મોટી ગંભીરતાથી લીધુ અને તેની પર કામ પણ કર્યુ. આમાંથી જ એક સૂચન છે. દેશભક્તિના ગીતો સાથે જોડાયેલી સ્પર્ધા.વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સવારે ૧૧ વાગ્યાથી રેડિયો કાર્યક્રમ મન કી બાત દ્વારા રાષ્ટ્રને સંબોધિત કર્યો. આજે વડા પ્રધા મોદીએ મન કી બાતના ૮૨મા સંસ્કરણને સંબોધિત કર્યુ. આજના કાર્યક્રમમાં પીએમ મોદીએ સો કરોડ વેક્સિનેશન માટે દેશવાસીઓને અભિનંદન આપ્યા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યુ કે મારા વ્હાલા દેશવાસીઓ આપ તમામને નમસ્કાર, કોટિ-કોટિ નમસ્કાર અને હુ કોટિ-કોટિ નમસ્કાર એટલે પણ કહી રહ્યો છુ કે ૧૦૦ કરોડ વેક્સિન ડોઝ બાદ આજે દેશ નવા ઉત્સાહ, નવી ઉર્જા સાથે આગળ વધી રહ્યો છે. પીએમ મોદીએ કહ્યુ કે અમારા વેક્સિન કાર્યક્રમની સફળતા ભારતના સામર્થ્યને બતાવે છે. સૌના પ્રયાસના મંત્રની શક્તિને બતાવે છે. સાથીઓ ૧૦૦ કરોડ વેક્સિન ડોઝનો આંકડો ઘણો મોટો જરૂર છે પરંતુ આનાથી લાખો નાની-નાની પ્રેરક અને ગર્વથી ભરેલા અનેક અનુભવ અને અનેક ઉદાહરણ જોડાયેલા છે. મને એ દ્રઢ વિશ્વાસ એટલે હતો કેમ કે હુ પોતાના દેશ, પોતાના દેશના લોકોની ક્ષમતાઓથી સારી રીતે પરિચિત છુ. હુ જાણતો હતો કે આપણા હેલ્થકેર વર્કર્સ દેશવાસીઓના રસીકરણમાં કોઈ કસર છોડશે નહીં. વડાપ્રધાન મોદીએ કહ્યુ કે આપણા સ્વાસ્થ્ય કર્મીઓએ પોતાના અથાગ પરિશ્રમ અને સંકલ્પથી એક નવી મિશાલ રજૂ કરી, તેમણે ઈનોવેશનની સાથે પોતાના દ્રઢ નિશ્ચયથી માનવતાની સેવાનો એક નવો માનદંડ સ્થાપિત કર્યો. ઉત્તરાખંડના બાગેશ્વરમાં ૧૦૦ ટકા પહેલો ડોઝ લગાવવાનુ કામ પૂરુ કરી દીધુ છે. ઉત્તરાખંડ સરકાર પણ આ માટે અભિનંદનના અધિકારી છે કેમ કે આ ઘણો દુર્ગમ અને કઠિન વિસ્તાર છે. પીએમ મોદીએ કહ્યુ કે મારા વ્હાલા દેશવાસીઓ આપ જાણો છો કે આગામી રવિવાર ૩૧ ઓક્ટોબરે સરદાર પટેલની જન્મ જયંતી છે. મન કી બાતના દરેક શ્રોતાની તરફથી અને મારી તરફથી હુ લોખંડીપુરૂષને નમન કરૂ છુ. સાથીઓ ૩૧ ઓક્ટોબરે અમે રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે મનાવીએ છીએ. આપણા સૌનુ દાયિત્વ છે કે આપણે એકતાનો સંદેશ આપનારી કોઈને કોઈ ગતિવિધિ સાથે જરૂર જોડાઈએ.

## દેશની રાજધાનીમાં ફરી નાની બાળકી પર દુષ્કર્મ

નવી દિલ્હી,
સરદાર પટેલ હોસ્પિટલથી લેડી હાર્ડિંગ હોસ્પિટલ, આગળ કલાવતી, ફરી લેડી હાર્ડિંગ.. લોહીથી લથપથ બાળકીને લઈ નવી દિલ્હી અને મધ્ય દિલ્હી ખાતે સ્થિત હોસ્પિટલો વચ્ચે એમ્બ્યુલન્સ દ્વારા ભટકવું પડ્યું. આખરે ડો. રામ મનોહર લોહિયા હોસ્પિટલમાં તે પોતાની દીકરીને દાખલ કરાવી શક્યો. આઈસીયુમાં દાખલ બાળકીની સ્થિતિ ૩૬ કલાક બાદ પણ ખૂબ જ નાજુક છે. બાળકીના પિતા માલની હેરાફેરી કરવા માટે વપરાતી રીક્ષા ચલાવે છે અને માતા ઘરોમાં સાફ-સફાઈનું કામ કરે છે. શુક્રવારે સવારે બાળકી ગુરૂદ્વારામાં લંગર લેવા માટે ગઈ હતી. એકવાર લંગર લાવીને ઘરે મુક્યું અને ફરી લંગર લેવા માટે ગઈ. પાછી આવી ત્યારે તે લોહીથી લથપથ હતી. બાળકીએ જણાવ્યું કે, રસ્તામાં એક યુવકે તેને કોપી-પુસ્તકો આપવાની લાલચ આપી હતી અને એક રૂમમાં લઈ ગયો હતો જ્યાં તેના સાથે દુષ્કર્મ કર્યું હતું. ૨૦-૨૫ વર્ષનો તે આરોપી યુવક સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો છે અને પોલીસે તેને શોધવાના પ્રયત્નો હાથ ધર્યા છે. રાજધાની દિલ્હીમાં ફરી એક વખત માનવતા નેવે મુકાઈ છે. રણજીત નગર વિસ્તારમાં એક યુવકે ૬ વર્ષીય માસૂમને બંધક બનાવીને તેના સાથે દુષ્કર્મ કર્યું હતું અને આટલેથી ન અટકતાં વિરોધ કરવા પર તેની સાથે મારપીટ પણ કરી હતી. પીડાથી કણસી રહેલી બાળકીનું દુખ અહીં પૂરૂ નહોતું થયું. પોતાની દીકરીને ઉઠાવીને લાચાર પિતા દિલ્હીની ૫ મોટી હોસ્પિટલો વચ્ચે આશરે ૧૫ કિમી અને ૨.૫ કલાક સુધી ચક્કરો કાપતો રહ્યો હતો પરંતુ સારવાર આપવાના બદલે તેને બીજી હોસ્પિટલમાં ધકેલવામાં આવી રહ્યો હતો.

## ભારત સાથેના વિવાદ વચ્ચે ચીને નવો કાયદો પસાર કયો



નવી દિલ્હી,
ચીન પોતાના કાયદાને દેશની એકતા અને અખંડિતતા માટે જરુરી બતાવી રહ્યુ છે.આ કાયદા હેઠળ સરહદ નજીકના વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા વધારવામાં આવશે.આ વિસ્તારોમાં આર્થિક, સામાજિક વિકાસની સાથે સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પર પણ જોર મુકવામાં આવશે.લોકો વચ્ચે આર્થિક, સામાજિક સમન્વય વધારાશે.નવો કાયદા આગામી જાન્યુઆરી મહિના સુધીમાં લાગુ કરી દેવામાં આવશે. જાણકારોને શંકા છે કે, નવો કાયદો ભારત અને ચીન વચ્ચેના સીમા વિવાદ પર અસર પાડી શકે છે.ચીનને સૌથી વધારે વિવાદ ભારત અને ભુટાન સાથે છે.બીજા ૧૨ દેશો સાથેના સીમા વિવાદને ચીન લગભગ ઉકેલી ચુકયુ છે.ચીનમાં નવો લેન્ડ બોર્ડર કાયદો પસાર કરવામાં આવ્યો છે.જેના ભાગરુપે હવે સરહદને અડીને આવેલા પોતાના વિસ્તારોમાં ચીનની સેનાની દખલગીરી વધશે.ચીન આવા વિસ્તારોમાં પોતાના નાગરિકોને વસાવવાની તૈયારીઓ કરી રહ્યુ છે. જેથી આવા વિસ્તારોમાં બીજા દેશ માટે સૈન્ય કાર્યવાહી વધારે મુશ્કેલ બનશે.

## ૨૦૩૦ સુધીમાં દેશના ૫૦ ટકા હિસ્સામાં પાણીની તંગી સર્જાશે



નવી દિલ્હી,
ડ્રાફ્ટમાં માંગની જગ્યાએ સપ્લાય સાથે જોડાયેલી બાબતો પર ભાર મુકવામાં આવ્યો છે.જેમાં એવા પાક લેવાની ભલામણ કરવામાં આવી છે જેમાં ઓછા પાણીની જરુર હોય.ઉદ્યોગોમાં પાણીનો વપરાશ ઓછો કરવાનુ સૂચન કરાયુ છે.પાણીના ઉપયોગની પ્રાથમિકતા નક્કી કરાઈ છે.તેની પાંચ કેટેગરી રખાઈ છે.જેમાં પહેલી પ્રાથમિકતા રોજ બરોજના જીવન માટેની પાણીની જરુરિયાતને, બીજી પ્રાથમિકતા ખેતી તેમજ નદીઓમાં પાણી સ્વચ્છ રહે તેને તેમજ ત્રીજી પ્રાથમિકતા સામાજિક તેમજ સાંસ્કૃતિક જરુરિયાતો માટે પાણીના ઉપયોગને અપાઈ છે. મિહિર શાહનુ કહેવુ છે કે, ચોથી કેટેગરીમાં પાણી સાથે જોડાયેલી વેપારી પ્રવૃત્તિઓને રખાઈ છે.ઉદ્યોગો રિસાયકલ વોટર વાપરે તેના પર ભાર મુકાયો છે અને પાંચમી કેટેગરીમાં પાણીના નવા ભંડારો પર જોર અપાયુ છે.તમામ રાજ્યોમાં સ્વતંત્ર રીતે વોટર મેનેજમેન્ટ માટેની સંસ્થાઓ સ્થાપવાનુ સૂચન કરાયુ છે. તેમના કહેવા પ્રમાણે સંખ્યાબંધ વિસ્તારોમાં ભૂગર્ભ જળ ઘટયુ છે અને મોટા ડેમમાં જે પાણી છે તે ખેડૂતો સુધી પહોંચી રહ્યુ નથી.નવી વોટર પોલિસી લાગુ કરવા માટે રાજ્યોમાં સંમતિ બને અને વિવાદોનુ સમાધાન થાય તે માટે સૂચનો કરાયા છે.નવી નેશનલ વોટર પોલિસી-૨૦૨૦નો ડ્રાફ્ટ કરવાની કામગીરી પૂરી કરી દેવામાં આવી છે.આ માટેની કમિટીએ પોતાનો અહેવાલ સરકારને સોંપી દીધો છે. આ ડ્રાફ્ટ તૈયાર કરનાર સમિતિના અધ્યક્ષ મિહિર શાહે એક મીડિયા ઈન્ટરવ્યૂમાં કહ્યુ હતુ કે, દેશમાં ક્લાઈમેટ ચેન્જ અને દેશ સામે પાણીના સંકટની સ્થિતિ પર ગંભીરતાથી વિચાર કરાયો છે.જો પાણીની માંગ આ જ રીતે વધતી રહી તો દેશની ૫૦ ટકા વસતીને ૨૦૩૦ સુધીમાં પાણી નહી પુરુ પાડી શકાય.

## સાબરમતી નદીની સફાઈમાં તંત્ર નિષ્ફળ

અમદાવાદ,
સાબરમતી નદીમાં નર્મદાનાં શુધ્ધ પાણીની આવક બંધ થતાં અને ગટરનાં પાણી છોડવાનુ ચાલુ રહેતાં નદીમાં લીલ અને વનસ્પતિ ઉગી ગઈ છે. જેના કારણે નદીનું સ્થિર પાણી દુર્ગંધ મારે છે. જો વહેલી તકે સાબરમતી નદીમાં પાણી છોડવામાં નહીં આવે તો નદી સૂકી ભઠ બની જવાની શક્યતા છે. તેમજ આ પ્રદુષણની અસર અમદાવાદીઓના સ્વાસ્થ્ય પર પણ પડી રહી છે.સાબરમતી નદી દિવસે દિવસે પ્રદૂષિત થઈ રહી છે. ત્યારે તંત્ર તેની સફાઈ અને જાળવણીમાં નિષ્ફળ જણાઈ રહ્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ આ બાબતે નિષ્ક્રિય જોવા મળ્યું છે. બંને વિભાગના અધિકારીઓને સાબરમતીમાં થતાં પ્રદૂષણને રોકવામાં સહેજ પણ રસ ન હોય તેવું જોવા મળ્યું છે. ખાસ તો હાઈકોર્ટની ટકોર બાદ પણ સાબરમતીનું પ્રદૂષણ ન અટકતા સ્વૈચ્છિક સંસ્થાઓ હવે એક્શનમાં આવી છે. સાબરમતી નદી પ્રદૂષિત થવા અને તેની સફાઈ મામલે હવે પ્રાઈવેટ સંસ્થાએ બીડું ઝડપ્યું છે. ઉત્તર પ્રદેશથી "ગંગા સમગ્ર" નામની સંસ્થાના અગ્રણી અને સ્વયંસેવકો અમદાવાદ પહોંચ્યા છે. ગંગાની સફાઈ બાદ સાબરમતી સફાઈ કરવા બાબતે "ગંગા સમગ્ર" કામગીરી કરવા સંકલ્પ લીધો છે. આજે સાબરમતીની આરતી કરીને સાબરમતી સ્વચ્છતાનું અભિયાન "ગંગા સમગ્ર" દ્વારા શરૂ કરાયુ છે.

## પરીક્ષાના પેપરની ગુપ્તતા રાખવા DEOને આદેશ

ગાંધીનગર,
શાળાકક્ષાની પરીક્ષામાં પેપર ફૂટ્યાના વહેતા થતા સમાચારને પગલે બોર્ડના પરીક્ષા સચિવે રાજયના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને આદેશ કર્યો છે કે બોર્ડ દ્વારા પ્રશ્નપત્રો સોફ્ટ કોપી આપવામાં આવી છે. ત્યારે જે શાળાએ બોર્ડના પ્રશ્નપત્રનો વિકલ્પ સ્વિકાર્યો હોય અને બોર્ડના સમયપત્રકનું પાલન કર્યું નથી. તેવા કિસ્સાઓમાં આપની કક્ષાએ તપાસ કરીને જવાબદારોની સામે પગલાં લેવાનો આદેશ કર્યો છેશાળાઓમાં પ્રથમ પરીક્ષા ચાલી રહી હોવાથી પેપર ફૂટ્યાની સોશિયલ મીડિયામાં વહેતા થયેલા સમાચારને પગલે શિક્ષણ બોર્ડે તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને પ્રશ્નપત્રની ગોપનીયતા અને વિશ્વસનીયતા નહી નિભાવનારની સામે પગલાં લેવા આદેશ કર્યો છે. રાજયમાં ધોરણ-૯થી ૧૨ની શાળાકક્ષાની પરીક્ષા ચાલી રહી છે. ગણિત અને વિજ્ઞાનનું પેપર ફૂટયાના સમાચાર સોશિયલ મિડિયામાં વહેતા થયા છે. જેને લઈને ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડે લાલ આંખ કરી છે. જોકે શિક્ષણ બોર્ડ દ્વારા અગાઉ શાળાકક્ષાની પરીક્ષા માટે પ્રશ્નપત્રો આપવાની જાહેરાત કરી હતી. પરંતુ ત્યારબાદ શિક્ષણ બોર્ડે શાળાકક્ષાએ પોતાના પ્રશ્નપત્રો કાઢીને પરીક્ષા લઈ શકશે તેવો આદેશ કર્યો હતો. તેમ છતાં રાજયભરની ૮૦ ટકાથી વધુ શાળાઓએ બોર્ડના પ્રશ્નપત્રોનો ઉપયોગ કરી રહી છે. તેની પાછળ શાળા દ્વારા પ્રશ્નપત્રો છાપવાની કામગીરી કરી દેવામાં આવી હતી.

## રાજયમાં લઘુતમ પારો ૧૮ ડિગ્રી

ગાંધીનગર,
લઘુત્તમ અને મહત્તમ તાપમાનના પારા વચ્ચે ૧૫.૫ ડીગ્રીનો તફાવત રહેતા ડબલઋતુનો અનુભવ નગરવાસી કરી રહ્યા છે. જોકે કાશ્મીરમાં હિમવર્ષા શરૂ થતાં જ આગામી સમયમાં ઠંડીનું જોર વધશે તેમ લાગી રહ્યું છે. લોકો હવે ગરમ વસ્ત્રોમાં આવશે અને ઠંડીનો ચમકારો વધતો જશે.રાજયના પાટનગર ગાંધીનગર મહાનગરમાં નવરાત્રી પછી ઠંડીએ જમાવટ કરી હોય તેમ છેલ્લા ચાર દિવસથી નગરનો લઘુત્તમ પારો ૨૦ ડીગ્રીથી નીચે નોંધાઈ રહ્યો છે. રાજયના પાટનગર ગાંધીનગર મહાનગરમાં નગરનો શનિવારે મહત્તમ પારો ૩૩.૫ ડીગ્રી અને લઘુત્તમ પારો ૧૮ ડીગ્રી નોંધાવા પામ્યો છે. જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૮૦ ટકા અને સાંજે ૬૪ ટકા નોંધાવા પામ્યું છે.




**કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.**

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**મિનેષકુમાર એન્ડ બર્ધસ**
મુ. કશનપુર, તા. મોરવા(હ)

**કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.**

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**ધી રામપુર (ક) અર્થ સેવા સહ. મંડળી**
મુ. રામપુર, તા. મોરવા(હ)

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સંતરામપુર નરસિંગપુરમાં જમીન માલિકને પૂછયા વગર જમીન ખેડી ઈસમો દ્વારા મારામારી કરી ફરિયાદ

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના નરસિંગપુર ગામે બળજબરી ૪૩ ૪૩ સર્વે નંબરની જમીનમાં જમીન માલિકને પૂછયા વગર ચાર વ્યક્તિ ભેગા થઈને ખેડાણ કરતા હતા. ફરીદા બીબી તમે અમારા ખેતરમાં ખેડવાનું કામ કેમ કરો છો તો અમને કહે વાળી કોણ છે એમ કહીને ફરીદા બેબીને ચાર વ્યક્તિ ભેગા થઈને હુમલો કર્યો હતો. ગડદાપાટુનો માર માર્યો હતો. તાલુકાની નરસિંગપુર ગામે આવેલી ૪૩ ૪૩ સરવેનંબર જમીનમાં વર્ષોથી ફરીદા બીબી સમંદરખાન પઠાણ તેમના પરિવારની તમામ વિગતો આવેલી છે. તેમ છતાંય અચાનક આવીને ચાર વ્યક્તિ આ ખેતરમાં ઘૂસીને અચાનક ખેડવાનું ચાલુ કર્યો હતો. ફરીદા બીબી કર્યો હતો કે, તમે અમારા ખેતરમાં ખેડવાનું નહીં તો અમને કહેવા વાળી કોણ છે. તેમ કહીને આરોપી તોસીફ મુલતાની, ઈફ્તારખાન હુસેન જહીર પઠાણ, ઈમરાન અમીરૂલ કાજી, રહીમા હનીફખાન પઠાણ આ ચાર વ્યક્તિ ભેગા મળીને ફરીદાબીબી સમંદરખાન પઠાણ ગડદાપાટુનો માર માર્યો હતો અને ગાળાગાળી કરી હતી. જાનથી મારી નાખવાની ધમકી આપી ફરીદા બીબી પર હુમલો કર્યો હતો. ફરીદાબી બૂમ પાડતા આજુબાજુવાળા ગ્રામજનો દોડી આવેલા હતા. ફરીદા બીબીને ગંભીર ઈજાઓ થતા સારવાર હેઠળ સંતરામપુર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ફરીદા બીબી પોતાની માલિકીની જગ્યામાં ૪૩૪૩ જગ્યામાં ખેડવા જતા રોકતા આ ચાર ઈસમોએ ભેગા મળીને ફરીદાબીબી હુમલો કર્યો હતો. સંતરામપુર પોલીસે આ ચાર વ્યક્તિ સામે ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## સંતરાપુર આપ પાર્ટી દ્વારા આવેદન આપ્યું


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર નગરમાં આમ આદમી પાર્ટી દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યો. સંતરામપુર નગરમાં મામલતદાર કચેરીમાં આમ આદમી પાર્ટી દ્વારા આ વખતે વરસાદ ઓછો હોવાના કારણે અને ખેડૂતો માટે પાક નિષ્ફળ ગયો હતો. ખેતી ધિરાણ માફ કરવા માટે આને ખેડૂતને વીમો આપવા માટે અને સિંચાઈનું પાણી પૂરૂં પાડવા માટે વિવિધ પ્રશ્નોને લઈને સંતરામપુર મામલતદાર કચેરીમાં આમ આદમી પાર્ટી દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# શહેરાના ખાંટના મુવાડા ગામે જોવા મળેલ અજગરને વન વિભાગે રેસ્કયુ કર્યું


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના ખાંટના મુવાડા ગામ ખાતે ખેતરમાં રહેલ ડાંગરના પાકમા અજગર જોવા મળતા ખેડૂત અને ત્યાં કામ કરતા ખેત મજુરોમાં ફફડાટ ફેલાયો હતો. ખેતર માથી ૧૨ ફુટ લંબાઈ ધરાવતો અજગરને અજગર પકડતી ટીમએ રેસ્ક્યુ કરીને પકડી પાડીને સુરક્ષિત જંગલમાં છોડી મૂકવામાં આવ્યો હતો.

શહેરા તાલુકાના ખાંટના મુવાડા ગામ ખાતે ભવનસિંહ ઠાકોર પોતાના ખેતરમાં ખેત મજુરો સાથે ડાંગરની કાપણી કરતા હતા. ત્યારે બાર ફૂટ લંબાઈ ધરાવતો અજગર તેમને જોવા મળતા તેઓ ગભરાઈ જવા સાથે બુમાબુમ કરતા આજુબાજુમાં ખેતી કામ કરતા લોકો દોડી આવ્યા હતા. ખેડૂત દ્વારા ખેતરમાં અજગર હોવાની જાણ ગોધરા ખાતે અજગર પકડતા ચેતન અને જનક સોલંકીને કરતા તેઓ પોતાની ટીમ સાથે ખેડૂતના ખેતરમાં પહોંચી જઈને અજગરને પકડી પાડવા માટેની તજવીજ હાથ ધરી હતી. ભારે જહેમત બાદ અજગરને પકડી પાડવામાં આ ટીમને સફળતા મળી હતી. ખેડૂતના ખેતર માંથી પકડી પાડેલ અજગરને જોવા માટે આસપાસના લોકો ઉમટી પડ્યા હતા. જો પકડી પાડેલ બાર ફૂટ લંબાઈ ધરાવતા અજગરને જંગલ વિસ્તારમાં સુરક્ષિત છોડી મૂકવામાં આવ્યો હતો. તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં અનેક ખેડૂતોના ખેતરમાં અજગર દેખા દેતો હોય ત્યારે આ બાબતની જાણ સ્થાનિક વનવિભાગને પણ કરવામાં આવે જેથી વનવિભાગ દ્વારા યોગ્ય કાર્યવાહી કરી શકેતો નવાઈ નહી. હાલ તો આ પકડી પાડેલ અજગરે આ વિસ્તારમાં કોઈ પશુનો જીવ લીધેલ છે કે નહી તે દિશામાં પણ સ્થાનિક વનવિભાગની ટીમ અહીં આવીને તપાસ કરે તે પણ જરૂરી છે.

## શહેરાના વલ્લભપુર ગામે ફોલ્ટી વીજ મીટર બદલવા ગયેલ બે કર્મીને મીટર નહિ બદલવાનું કહી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ

શહેરા,

શહેરા તાલુકાના વલ્લભપુર ગામે સરકારની ડી.આઈ.એસ.એસ. સર્વેની કામગીરી અર્થે ફોલ્ટી વીજ મીટર બદલવાની કામગીરી કરતા હતા. તે દરમ્યાન આરોપીએ મીટર બદલવાનું નથી તેમ કહી અહીંથી જતા રહો નહિ તો જીવતો છોડીએ નહી તેમ કહી સરકારી કામગીરીમાં રૂકાવટ કરતા શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના વલ્લભપુર ગામે રામજી મંદિર ફળીયા ખાતે સરકારની ડી.આઈ.એસ.એસ. સર્વેની કામગીરી અર્થે યુન્નુકુમાર મદાનમોહનસીંગ અને વિપુલકુમાર ચેતનકુમાર પટેલ ઈલેકટ્રીક ફોલ્ટી વીજ મીટર બદલવાની કામગીરી કરવા ગયા હતા અને શનાભાઈ કોહયાભાઈ માછીના ઘરનું વીજ મીટર બદલવા માટે ગયા હતા. ત્યારે શનાભાઈ માછીએ અમારું મીટર બદલવાનું નથી. તેમ કહીને ગાળો આપીને અહીંથી જતા રહો નહી તો જીવતો નહિ છોડું તેમ કહીને જાન થી મારી નાખવાની ધમકી આપતા આ બાબતે શહેરા પોલીસ મથકે સરકારી કામનો રૂકાવટ કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

## સરકારી ઈજનેરી કોલેજ, ગોધરાના અધ્યાપક દ્વારા સ્ટાર્ટ અપ અને ઈનોવેશન અંગે તાલીમ આપવામાં આવી



ગોધરા,

સરકારી ઈજનેરી કોલેજ, ગોધરા ના મિકેનિકલ વિભાગના સહાયક પ્રાધ્યાપક પ્રો. હાર્દિક શુક્લનું સરકારી આર્ટ્સ અને કોમર્સ કોલેજ, કઠલાલ ખાતે સંસ્થાના SSIP સેલ દ્વારા "સ્ટાર્ટઅપ અને ઈનોવેશન" અંગેનો વિદ્યાર્થીઓને તાલીમ આપતો કાર્યક્રમ યોજાયેલ હતો. જેનું આયોજન આચાર્ય ડો.સુરેશ ગઢવીના માર્ગદર્શન હેઠળ સંસ્થાના SSIP કોર્ડિનેટર પ્રો.સંદીપભાઈ સાંતલા, પ્રો.પ્રિયંકાબેન ખરાડી દ્વારા કરવામાં આવ્યુંહતું. પ્રો. હાર્દિક શુક્લ એ સંસ્થાના આર્ટ્સ અને કોમર્સના વિદ્યાર્થીઓ અને ખાસ કરીને ગ્રામ્ય વિસ્તાર માંથી આવતા વિદ્યાર્થીઓને કૃષિ, પશુપાલન, લોકલ ટ્રાન્સપોર્ટેશન, સેફટી, મિકેનિકલ ઈક્વીપમેન્ટ એપ્લિકેશન, વેબસાઈટ/એપ્લિકેશન આધારિત વિવિધ એરિયામાં સ્ટાર્ટ અપ અને ઈનોવેશન, એન્ટરપ્રેનરશીપ અંગેના સ્કોપની માહિતી આપી હતી. તેમણે ખુબ સરળ રીતે ગુજરાતી ભાષામાં જ પોતાનું વક્તવ્ય આપ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓને ઈન્ટરેક્ટીવ લેક્ચરમાં મજા પડી હતી. આ કાર્યક્રમમાં ૯૦ કરતા વિદ્યાર્થીઓ અને ૭ જેટલાં અધ્યાપકોએ લાભ લીધો હતો. પ્રો. હાર્દિક શુક્લ સંસ્થાના SSIP બોર્ડના એક મેમ્બર પણ છે. છેલ્લા ૬ મહિનાથી વિવિધ ઓનલાઈન/ઓફલાઈન કાર્યક્રમોનું આયોજન કરવામાં સંસ્થા નિયમિત સહયોગ આપે છે.

# ભાજપ શહેરોમાં ૪૦%, ગ્રામીણમાં ૨૫-૩૦% ટિકિટ મહિલાને આપશે

ગાંધીનગર,

ગુજરાતમાં આગામી વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણીઓમાં મહિલાઓના પ્રતિનિધિત્વમાં વધારો થશે. ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને મુખ્ય પક્ષો આગામી ચૂંટણીમાં મહિલાઓને મોટા પ્રમાણમાં ટિકિટો આપવા જઈ રહ્યાં છે. પ્રાપ્ત જાણકારી અનુસાર બન્ને પક્ષો લગભગ ૪૦ ટકા બેઠકો પર મહિલાઓને આ વખતે તક આપવાનું વિચારી રહ્યાં છે. ભાજપના સૂત્રોના જણાવ્યા અનુસાર પાર્ટી આ વખતે નવા ચહેરાઓને ભરપૂર તક આપવા માંગે છે, અને તેમાંય મહિલાઓને સારું એવું પ્રાધાન્ય મળશે. શહેરી વિસ્તારોમાં ભાજપ ૪૦ ટકા જેટલી બેઠકો પર જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં ૨૫થી ૩૦ ટકા બેઠકો પર મહિલાઓને ઉમેદવારી કરાવશે. ઉત્તર પ્રદેશમાં જે રીતે ૪૦ ટકા મહિલાઓને તક આપવાનું પ્રિયંકા ગાંધીએ જણાવ્યું છે, તે જ તર્જ પર ગુજરાતમાં પણ મહિલાઓને ૪૦ ટકા જેટલી બેઠકો પર ઉમેદવારી કરાવવાનો હાઈ કમાન્ડનો વિચાર છે. આમ જોવા જઈએ તો બન્ને પક્ષો ૭૦ જેટલી બેઠકો પર મહિલા ઉમેદવારોને ચૂંટણીના મેદાનમાં ઉતારી શકે છે. હાર-જીતના ગણિતને જોઈને ઘણીવાર રાજકીય પક્ષો મહિલા ઉમેદવારને મેદાને ઉતારતા પાછીપાની કરે છે, પરંતુ આ વખતે તેવી સ્થિતિ ઊભી થવાને બદલે મહિલા ઉમેદવારોને સશક્ત ગણીને જ તક અપાશે.

## ભારત-ચીનનો વેપાર નવા રેકોર્ડ સર્જી રહ્યો છે

નવી દિલ્હી,

ચીનના કસ્ટમ વિભાગ દ્વારા જે આંકડા જાહેર કરાયે છે તે પ્રમાણે બંને દેશો વચ્ચે નવ મહિનામાં ૯૦ અબજ ડોલર કરતા વધારેવેપાર થયો છે.ગયા વર્ષની સરખામણીએ આ વેપાર ૫૦ ટકા વધારે છે. સ્વાભાવિક રીતે જ બંને દેશોના વેપારમાં ચીનનો હાથ ઉપર છે.ભારત દ્વારા ચીનમાંથી થતી આયાત આ વર્ષે ૬૮ અબજ ડોલરને પાર કરી ગઈ છે.જે ગયા વર્ષના મુકાબલે ૫૨ ટકા વધારે છે.લદ્દાખ મોરચે તનાવની વચ્ચે પણ ચીન અને ભારત વચ્ચેનો વેપાર રેકોર્ડ સ્તરે પહોંચ્યો છે. ભારત સરકાર ચીન સાથેના વેપારી સબંધોને લઈને ગંભીર હોવાના સંકેતો આપી રહી છે અને ચીન સાથેનો સીમા વિવાદ જો ઉકેલાય નહીં તો તેની અસર ભારત સાથેના વેપાર પર પડી શકે છે તેવી શક્યતાઓ વચ્ચે જે આંકડા સામે આવી રહ્યા છે તે અલગ જ સ્થિતિને દર્શાવી રહ્યા છે.

# ખેડામાં ઠાસરા અને ડાકોર વેક્સિનેશનમાં સૌથી ઉદાસીન

આણંદ,

ખેડા જિલ્લામાં તંત્ર, સામાજિક સંસ્થાઓ, ધર્મગુરુઓ ધર્મ ગુરુઓ બધાએ સાથે મળી રસીકરણની વિશેષ ડ્રાઈવ ચલાવી હતી. પરંતુ તેમ છતાં અહીં પૂરતું વેક્સિનેશન થયું નથી. જેની પાછળ અનેક કારણો જાણવા મળ્યા છે. કેટલાક લોકો એવું માને છેકે રસી લઈશું તો બીમાર પડી જઈશું, નોકરી પર નહીં જવાય, ૨ દિવસ રોજગારી છીનવાઈ જશે, કેટલાક માને છેકે રસી લઈશું તો નપુંસક થઈ જઈશું. આવી અફવાઓ અને બિનજરૂરી બીક રસીકરણ ઓછું થવા પાછળ જવાબદાર છે. જિલ્લામાં સૌથી ઓછું રસીકરણ ઠાસરા તાલુકામાં ૮૧.૯ ટકા નોંધાયું છે. અહીં જ પ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર આવેલું છે. જ્યાં ૨૭૯ દિવસમાં ફક્ત ૬૮ ટકા જ રસીકરણ નોંધાયું છે. લોકો રસી લેવા માટે જાગૃત બને તે માટે અથાગ પ્રયાસો કર્યા છે. પરંતુ મજૂર વર્ગ એવો વર્ગ છે, જે રસી લેતો જ નથી. ડાકોરમાં ઓછા રસીકરણ ને પગલે ચીફ ઓફિસર દ્વારા રસી ન લીધી હોય તેવા લોકોને મંદિરમાં દર્શન કરવા નહી જવા દેવાનું ફરમાન કર્યું હતું. આરોગ્ય વિભાગ દ્વારા દર્શનાર્થીઓ રસીકરણ કરાવી શકે તે માટે મંદિર બહાર જ વેક્સિનેશન કેમ્પ શરૂ કરાયો હતો. પરંતુ એક સપ્તાહમાં ડાકોર શહેરના રસીકરણમાં ફક્ત ૩ ટકાનો વધારો નોંધાયો છેખેડા જિલ્લામાં રસીકરણ માટે તંત્ર દ્વારા અથાગ પ્રયાસો થઈ રહ્યા છે. જેના ભાગરૂપે ૯૦ ટકા લોકોએ રસીનો પ્રથમ ડોઝ લઈ લીધો છે. જ્યારે ૪૯.૨૨ ટકા લોકોએ બંને ડોઝ લીધા છે. પરંતુ આમ છતાં ૧૦ તાલુકામાં હજુ કેટલાંક તાલુકા એવા છે જ્યાં ઓછા રસીકરણ ને લઈ તંત્રની ચિંતા વધી છે. એક તરફ વસો તાલુકો છે, જ્યાં અત્યાર સુધી સૌથી વધુ ૧૦૬ ટકા રસીકરણ થયું છે. ત્યારે સૌથી ઓછું ઠાસરા તાલુકામાં માત્ર ૮૧ ટકા રસીકરણ નોંધાયું છે. ગુજરાતના સમૃધ્ધ જિલ્લાઓ પૈકીના એક એવા આણંદ જિલ્લામાં આણંદ જિલ્લામાં ૯૭ ટકા વેક્સિનેશનની કામગીરી પૂર્ણ થયાનો સરકારનો દાવો છે પરંતુ એક જાણકારી મુજબ આ ટકાવારી ૮૦ ટકા છે. જિલ્લામાં વેક્સિનેશનની પાત્રતા ધરાવતા ૧૮ લાખ લોકોમાંથી ૧૪.૭૨ લાખને પ્રથમ અને ૮.૭૭ લાખને બંને ડોઝ અપાઈ ચૂક્યા છે. સૌરાષ્ટ્રમાં ગત કોરોનાને કારણે લોકો દિવાળીની ઉજવણી પણ કરી શક્યા નહોતા, પરંતુ આ વર્ષે વેક્સિનેશનને કારણે કોરોનાનો ભય દૂર થતા ગામડામાં અગાઉથી જ દિવાળી જેવો માહોલ જોવા મળી રહ્યો છે. દક્ષિણ સૌરાષ્ટ્રના જૂનાગઢ, અમરેલી, પોરબંદર અને ગીર સોમનાથ જિલ્લામાં કુલ ૧૧૪૮ ગામડાં આવેલા છે. જેમાંથી ૮૮૧ ગામડામાં ૧૦૦ ટકા વેક્સિનેશનની કામગીરી પૂર્ણ થઈ છે. આ ૧૦૦ ટકાવાળા ગામડામાં કોરોનાનો કોઈને જરા પણ ડર નથી. લોકો મુક્તિનો અનુભવ કરી રહ્યાં છે. જૂનાગઢ જિલ્લામાં ૧૦,૫૩,૭૫૨ લોકોને રસી આપવામાં આવી છે. જૂનાગઢ શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૦ ટકા રસીકરણ થયું છે. બીજો ડોઝ પણ લોકો સમયસર લઈ રહ્યાં છે. ગામના લોકોનો ભય દૂર થયો છે, પરંતુ સાવચેતી હજુ પણ રાખે છે. કોરોનાકાળમાં ગામડામાં જોવા મળેલ સન્નાટો દૂર થયો છે. નવરાત્રિ સહિતના તહેવારોની ઉજવણી પણ લોકોએ ઉત્સાહ સાથે કરી હતી. હવે દિવાળી ઉજવવા થનગની રહ્યા છે. આણંદ જિલ્લામાં રસીકર વધારવા માટે સિનિયર સિટીઝનોએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. થામણા ગામમાં સિનિયર સિટિઝનોએ જ પહેલાં પોતે રસી મુકાવી પછી પોતાના ઘરના લોકોને અને ત્યારબાદ સગા-સંબંધી, મિત્રોને રસી મૂકવા સમજાવ્યા હતા. ગામના ૭૦ થી વધુ વૃદ્ધોઓ ઘેર ઘેર જઈને લોકોમાંથી વેક્સિનની ભ્રમણા દૂર કરી હતી અને આમ સમગ્ર ગામને વેક્સિનેશનયુક્ત બનાવવામાં પોતાનો ફાળો આપ્યો હતો. વેક્સિનની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ થતાં જ ગામ હાલ કોરોનામુકત બની ગયું છે. આજે લોકો કોરોનાની ચિંતા કર્યા વગર બિન્દાસ ફરી શકે છે. લોકો ડરતા નથી એવું નથી પણ સાવચેત થયા છે. અજાણ્યા સમજીને તમારી સાથે કોઈ પણ વ્યક્તિ વાત કરે ત્યારે તે થોડું અંતર જાળવી રાખે છે.

## ગોધરા લાલબાગ બસ સ્ટેન્ડ વિસ્તાર માંથી પિસ્તોલ અને બે કારતુસ સાથે વીરપુરના ઈસમને SOG પોલીસે ઝડપ્યા



ગોધરા,

ગોધરા એસ.ઓ.જી. પોલીસને બાતમી મળી હતી કે, લાલબાગ બસ સ્ટેન્ડ પાસે એક ઈસમ પિસ્તો અને જીવતા કારતુસ સાથે ફરતો હોય તેવી બાતમીના આધારે પોલીસે મહિસાગર જીલ્લાના વીરપુરના એક ઈસમને પિસ્તોલ સાથે ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા એસ.ઓ.જી. પોલીસને શહેરમાં પેટ્રોલીંગ હતા. ત્યારે બાતમી મળી હતી કે, લાલબાગ બસ સ્ટેન્ડ વિસ્તારમાં ફરતો હોય જેના આધારે બાતમીવાળી જગ્યાએ તપાસ કરતા અબ્દુલ કાદરી, અબ્દુલ લતીફશેખ (રહે.વીરપુર, જી. મહિસાગર)ને ઝડપી પાડી અંગઝડતી કરતા પેન્ટના નેફા માંથી એક પિસ્તોલ તેમજ પિસ્તોલમાં બે કારતુસ નંગ-૨ મળી ૨૨,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઈસમને ઝડપી પાડવામાં આવ્યો. તેની વિરૂદ્ધ આર્મ એકટ અધિનિયમ ૧૯૫૯ની કલમ-૨૫ (૧-બી)(એ) મુજબ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગર મનગમતા નંબર માટે RTOમાં રુ. ૨૫.૪૫ લાખની બોલી

ગાંધીનગર,

દેશમાં હાલ પેટ્રોલ અને ડીઝલના ભાવને લઈને સામાન્ય અને મધ્યમવર્ગની કમર તુટી ગઈ છે. આ ભાવોના કારણે જીવન જરુરીયાતની ચીજવસ્તુઓના ભાવ પણ વધ્યા છે. જેને લઈને આગામી તહેવારો કેવી રીતના ઉજવવા તે પ્રશ્ન પણ લોકોને સતાવી રહ્યો છે ત્યારે એક બાજુ એવો પણ વર્ગ છે કે જે પોતાના વાહનમાં મનપસંદ નંબર મેળવવા માટે લાખો રુપિયાનો ખર્ચ કરી રહ્યો છે. ગાંધીનગર આરટીઓમાં જી.જે.૧૮.બીક્યુ.ની ફોર વ્હીલરની નવી સીરીઝ માટે ઓનલાઈન હરાજી યોજવામાં આવી હતી. આ હરાજીમાં મનપસંદ નંબર મેળવવા માટે વાહનચાલકોએ ઓનલાઈન રજીસ્ટ્રેશન પણ કરાવી દીધી હતું અને આ સીરીઝ માટે હરાજી પૂર્ણ થઈ ત્યારે ૦૦૦૧ નંબર માટે રુપિયા ૨૫.૪૫ લાખની બીડ ભરાઈ ગઈ હતી. તો ૦૦૦૨ નંબર માટે ૫૧ હજાર, ૦૦૦૩ માટે ૧૫ હજાર, ૦૦૦૪ માટે ૧૫ હજાર, ૦૦૦૫ માટે ૪૦ હજાર, ૦૦૦૭ નંબર માટે ૫૫ હજાર, ૦૦૦૮ માટે ૧૫ હજાર અને ૦૦૦૯ નંબર માટે ૮૫ હજારની બીડ વાહનચાલકોએ ભરી હતી. હવે પાંચ દિવસમાં આ વાહનચાલકોએ રુપિયા આરટીઓ કચેરીમાં ભરી દેવા પડશે. એક બાજુ મોંઘવારીના દિવસો છે ત્યારે મનપસંદ નંબર માટે બોલાયેલી આ લાખોની રકમથી સામાન્ય અને મધ્યમ પરિવારોની આંખો પહોળી થઈ ગઈ છે પરંતુ સરકારની આ પ્રકારની હરાજીથી વાર્ષિક કરોડો રુપિયાની આવક થઈ રહી છે. એક બાજુ પેટ્રોલ અને ડીઝલના ભાવ આસમાનને આંબી રહ્યાં છે અને લોકો મોંઘવારીની બુમો પાડી રહ્યાં છે ત્યારે ગાંધીનગર આરટીઓમાં ફોર વ્હીલરની નવી સિરીઝની ઓનલાઈન બીડમાં ૦૦૦૧ નંબર માટે રુ. ૨૫.૪૫ લાખની બીડ ભરવામાં આવી છે. જ્યારે ૦૦૦૯ નંબર માટે ૮૫ હજાર રુપિયા ભરાયાં છે. આ નંબર ઈચ્છતાં વાહનચાલકોએ પાંચ દિવસમાં આરટીઓમાં રુપિયા ભરી દેવા પડશે. પોતાની કાર માટે મનગમતો નંબર પસંદ કરવા ગાંધીનગરના એક વાહન માલિકે ખર્ચેલી આટલી મતબર રકમ જાણીને તેની કાર કેટલી કિંમતની હશે તે પણ પ્રશ્ન ઉદભવી રહ્યો છે. ફોર વ્હીલરમાં પસંદગીના નંબર માટે આજે યોજાયેલી હરાજીમાં ગાંધીનગર આરટીઓમાં નંબર ૧ માટેની આટલી મોટી રેકોર્ડ બ્રેક બોલી પ્રથમ વખત જોવા મળી છે. આ ઉપરાંત ફોર વ્હીલરના પસંદગીના ૯ નંબર માટે પણ ૮૫૦૦૦ બોલી બોલાઈ હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ફોર વ્હીલરના નંબર માટેની નવી મ્ઊ સીરિઝની આ હરાજીમાં ગાંધીનગર આરટીઓને અધધ કહી શકાય તેવી આવક થઈ છે.

## મુંદ્રામાંથી પકડાયેલ હેરોઈન લુધિયાણા, ઓસ્ટ્રેલિયા, મલેશિયા જવાનું હતુ

ગાંધીધામ,

થાઈલેન્ડથી દેશનિકાલ કરાયેલા હરમિન્દર ઉર્ફે રોમી રંધાવાની પૂછપરછમાં કપૂર થલા જેલમાંથી બે તસ્કરોને પ્રોડકશન વોરંટ પર લુધિયાણા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા છે અને ત્રણેયના એક દિવસના રિમાન્ડ લીધા છે. તેમાંથી મનપ્રીત મન્ના, લુધિયાણાના ૩૧ કિલો હેરોઈન અને ૬.૧૬ કિલો અન્ય ડ્રગ ને સગેવગે કર્યાનો આક્ષેપ છે. બીજો શંકર સિંહ છે, જે હત્યાના પ્રયાસનો આરોપી છે. આજ આરોપીએ અન્ય સાથે મળીને સાગરિતોની મદદથી જેલની બહાર ત્રણ કિલો હેરોઈન વેચી હતી. તે બધા ઓસ્ટ્રેલિયાથી સંચાલિત ડ્રગ સિન્ડિકેટ સાથે સંકળાયેલા છે, જે દુબઈ અને પાકિસ્તાનમાં પણ જોડાણો ધરાવે છે.સાહનેવાડ ડ્રાયપોર્ટ પર આ કન્સાઈનમેન્ટનું આગમન પહેલાથી જ આશંકા હતી, જેના વિશે ડીઆરઆઈએ થોડા સમય પહેલા અહીં દરોડા પાડ્યા હતા. હવે હરમિન્દર રંધાવાની પૂછપરછમાં આ વાત બહાર આવશે તેવી વકી છે.૨૧ સપ્ટેમ્બરે અફઘાનિસ્તાનથી ટેલ્કમ પાવડરમાં છુપાવીને ઈરાન મારફતે મુન્દ્રા આવેલા બંદરે પકડાયેલા ૩,૦૦૦ કિલો હેરોઈનમાંથી ૧૦૦૦ કિલો હેરોઈન પંજાબના લુધિયાણા આવવાનું હતું, જે સાહનેવાલ ડ્રાયપોર્ટ ખાતે કન્ટેનર દ્વારા લાવવાનું હતું. તો બાકીના એક એક હજાર કિલો ને અહી થી સંભવિત રીતે ઓસ્ટ્રેલિયા અને મલેશિયા મોકલવાનું હોવાનું તપાસમાં બહાર આવી રહ્યું છે. સૂત્રોના હવાલાથી બહાર આવી રહેલી આ ચોંકાવનારી વિગતો અંગે તપાસનીસ એજન્સીઓ મગ નું નામ મરી પાડવા તૈયાર નથી. સૂત્રોએ જણાવ્યું હતું કે આ જથ્થામાંથી એક હજાર કિલો પંજાબના ઉદ્યોગપતિને મળવાનો હતો. પછી તેને પંજાબ, દિલ્હી અને અન્યત્ર તેની માંગ અનુસાર અંતિમ ઉપયોગ માટે વિતરણ થવાનું હતું. એસટીએફ લુધિયાણાને ઓસ્ટ્રેલિયામાં બેઠેલા કિંગપિન તરનવીર બેદીની ભૂમિકા પર શંકા છે, જે શ્રીનગર અને ગુજરાતમાં વેપાર દ્વારા હેરોઈનની દાણચોરીમાં સક્રિય છે.

# સાબરમતી અને કેવડિયા એરોડ્રામ શોભાના ગાંઠિયા સમાન

કેવડિયા,

કોરોના કારણે સેવા બંધ હતી.પરંતુ અત્યારે પ્રવાસન સ્થળો ખુલી ગયા છે.સ્ટેચ્યુ ઓફ યુનિટી પણ ખુલી ગયું છે.તો પછી સી પ્લેન સેવા કેમ શરૂ થઈ નથી. જોકે હવે દિવાળી નો તહેવાર આવી રહ્યો છે. અને ફરવાના શોખીન સી પ્લેનની સેવા શરૂ થાય તેની રાહ જોઈ રહ્યાં છે.અમદાવાદથી કેવડિયા સી પ્લેનની સેવા છેલ્લા ૨૦૦ દિવસથી ઠપ્પ થઈ જતા ફરી ક્યારે શરૂ થશે તેની તંત્રને પણ નથી ખબર. જુના પ્લેનથી શરૂ કરાયેલી આ સેવામાં સરકારને કરોડો રૂપિયાનો ખર્ચ પાણીમાં વહેડાવી દીધો છે. અમદાવાદથી કેવડિયાના રુટ પર નિયમિત સી પ્લેને ઉડાન ભરી શક્યું નથી. જેથી સાબરમતી અને કેવડિયા એરોડ્રામ શોભાના ગાંઠિયા સમાન બન્યા ચે. તેને સાચવવા સુરક્ષા કર્મીઓ બોજ સમાન બન્યું છે. એક વર્ષ પહેલા ૩૧ ઓક્ટોબર ૨૦૨૦ ના રોજ પ્રધાનમંત્રી નરેદ્ર મોદીએ પ્રથમ સફર કરી ને કેવડિયા થી અમદાવાદ પહોંચી સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે સી પ્લેન સેવા શરૂ કરવામાં આવી હતી. જે શરૂઆત માં ૧૦ દિવસ ચાલ્યું અને એક મહિના ના ટૂંકા ગાળામાં મેન્ટેન્સ માટે માલદીવ્સ મોકલવામાં આવ્યું. આવું વારંવાર બનતા પ્રવાસીઓ કંટાળ્યા હતા છતાં પ્રવાસીઓને એક ઉત્સાહ હતો. પરંતુ આ સેવા બંધ થઈ ગઈ અત્યારે સાબરમતી નદીમાં જેટી તરી રહી છે.કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ વોટર એરોડ્રામ ધૂળ ખાય રહું છે.સુરક્ષાકર્મીઓ બેસી રહ્યા છે.બુકીંગ બારી ક્યારે ખુલશે તેની લોકો રાહ જોઈએ રહ્યા છે. સી પ્લેન મેન્ટેનન્સ માટે માલદિવ્સ મોકલાયું ને ૨૦૦ દિવસ થઈ ગયા છે પરંતુ સી પ્લેન પરત ફર્યું નથી.અને ક્યારે પરત આવશે તે પણ એક સવાલ છે.

## આજનું રાશી ભવિષ્ય

તા.૨૫/૧૦/૨૦૨૧ સોમવાર

મેષ : (અ.લ.ઈ.), માનસિક શાંતિનો અહેસાસ થશે,આજે ખર્ચનું પ્રમાણ અધિક જણાશે, નોકરીમાં પ્રગતિ જણાશે,વ્યયસાયમાં ધનલાભ થાય, માતાના આશિર્વાદથી ધનપ્રાપ્તિ થાય.

વૃષભ : (બ.વ.ઉ.), માનસિક પરેશાની જણાશે,કામમાં વધારે મહેનત કરવી પડશે, ધંધામાં સામાન્ય ફાયદો જણાશે ,નાણાકિય તંગી અનુભવશો.

મિથુન : (ક.છ.ઘ.), કરેલો પુરુષાર્થ ફળદાઈ બનશે,મોટા માણસોની ઓળખાણથી લાભ થાય, પરેશાનીઓમાથી મુક્તિ મળે, ધંધામાં નવી આવક મળે.

કર્ક : (ડ.હ.), નવા કામકાજથી લાભ થાય, નજીકના સબંધીથી સહયોગ મળશે, પ્રમોશન અથવા પગાર વધારાની તકો મળે, ધંધાકિય આવકમાં વધારો જણાશે.

સિંહ : (મ.ટ.), કામકાજમાં વ્યવહારુ બનો, ધીરજથી કામની શરુઆત કરવી,પરિવારમાં વૈચારિક મતભેદ રહેશે, માનસિક તનાવ જણાય.

કન્યા : (પ.ઠ.ણ.), કામની સફળતા માટે સંઘર્ષ કરવો પડે, સ્વજનોથી પરેશાની રહેવા સંભવ છે ,સંતાનોથી લારો લાભ જણાશે, નાના મોટા રોકાણ માટે સાચવવુ.

તુલા : (ર.ત.), અગત્યના કામને પ્રાધાન્ય આપો, રોજગાર માટે નવી તકો વિચારો, બુધ્ધી શક્તિનો ઉપયોગ કરી શકો, મહેનત કરશો તો સારુ ફળ મળશે.

વૃશ્ચિક : (ન.ય.) કરજમાંથી મુક્તિ અથવા રાહત મળે, શેરબજારમાં સારો લાભ થશે. વ્યવસાયમાં નવા કોન્ટ્રાક્ટ મળશે, યાત્રા પ્રવાસના કામથી લાભ થાય.

ધન : (ભ.ધ.ફ.ઢ.), સંતાન વિષયક તકલીફ જણાય, મહત્વના કામમાં વિલંબ સુચવાય, સ્વાસ્થ્ય બાબતે સાચવવુ, વ્યવસાયમાં નવી તકો મળશે.

મકર : (ખ.જ.), ધાર્મિક કામકાજમાં રુચી વધે. માનસિક બેચેની રહ્યા કરે. નોકરીયાત વર્ગને ખર્ચમાં વધારો થશે. ઘરમાં સામાન્ય અશાંતિ જણાય.

કુંભ : (ગ.શ.ષ.સ.), આવડતના ઉપયોગથી લાભ થાય. આર્થિક બાબતેમાં નવી તકો મળે. ધારેલા કામકાજમાં સફળતા મળે. વડીલો સાથે વૈચારિક અસમાનતા રહે.

મીન : (દ.ચ.ઝ.થ.), માનસિક અશાંતિ અનુભવશો. ધન સબંધી ચિંતા અનુભવશો. ભાગીદારીવાળા કામમાં સાચવીને કામ કરવુ.કામના પ્રમાણમાં ઓછુ ફળ મળશે.

# નગરપાલિકાના સાફ-સફાઈના, ટ્રેક્ટર કચરાપેટીઓ તેમજ લાખો રૂપિયાનું વેક્યુમ મશીન ભંગાર હાલતમાં

- દાહોદ તાલુકાના રળીયાતી ગામે આવેલ પ્રધાનમંત્રી આવાસોમાં સુવિધાઓના અભાવ, સ્ટ્રીટ લાઈટ તેમજ પાણીની સમસ્યાને લઈ સ્થાનિકો વલખા મારવા મજબૂર.
- સ્ટ્રીટલાઈટો ના ભાવે રાત્રિના સમયે અંધારપટ, પીવાના પાણીના અભાવે ગંદુ પાણી પીવા લોકો મજબૂર.
- ૪૮૦ આવાસોમાં વસવાટ કરતા લોકો એક જ બોર પર નિર્ભર.
- પ્રધાનમંત્રી આવાસમાં કેટલાક આવાસો ખાલી રહેતા અસામાજિક તત્વોનો અડ્ડો, વેશ્યાવૃત્તિ જેવી પ્રવૃત્તિઓ માટે મોકળું મેદાન.
- પ્રધાનમંત્રી આવાસ માં ઠેર-ઠેર ગંદકીના ઢગલા, સાફ-સફાઈ તેમ જ જાળવણીના અભાવે મોટા મોટા ઝાડી-ઝાંખરા ઊગી નીકળ્યા.
- પ્રધાનમંત્રી આવાસ પરિસરમાં સરી સર્પ તેમજ ઝેરી જીવજંતુનો અડિંગો.
- પ્રાથમિક સુવિધાઓ તેમજ ઝેરી જીવજંતુઓ વચ્ચે ઝઝૂમતા સ્થાનિકો.
- સ્થાનિક વહીવટીતંત્ર તેમજ સંલગ્ન વિભાગોમાં અનેકવાર રજૂઆત કરવા છતાં પરિણામ શૂન્ય...
- કાચા મકાનોમાંથી સપનાના આવાસમાં રહેવા આવનાર શ્રમિકો તેમજ લાભાર્થીઓ નર્કાગાર જેવી પરિસ્થિતિ ભોગવવા મજબુર.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ તાલુકાના રળીયાતી ગામે આવેલ પ્રધાનમંત્રી આવાસો એટલે કે, દાહોદ નગરપાલિકા પંડિત દિનયાલ ઉપાદયાય કોલોની ખખડધજ અને જર્જરીત હાલત સહિત આ આવાસો ખંડેર તરફ ધકેલાઈ રહ્યાં છે અને આ આવાસોમાં ગરીબ લોકો ભારે મુશ્કેલીઓ સાથે વસવાટ પણ કરી રહ્યાં છે. આવાસો આપી ગરીબોની જાણે ક્રુર મજાક કરાઈ હોય તેમ પ્રતિત થઈ રહ્યું છે. ૪૮૦ આવાસો વચ્ચે માત્ર એકજ પાણીના બોર પર નિર્ભર કરે છે. આ આવાસોમાં અસહ્ય ગંદકી અને કચરાએ પોતાનું સામ્રાજ્ય જમાવી રાખ્યું છે. નવાઈની વાત તો એ છે કે, આ આવાસોના વિસ્તારમાં પાલિકાના ખખડધજ વાહનો અને ભંગાર પડી રહ્યો છે. વધુમાં આ આવાસોમાં અને વિસ્તારમાં સ્ટ્રીટ લાઈના અભાવે રાત્રીના સમયે અંધારપટ છવાઈ જાય છે અને રાત્રીના સમયે અવર જવરમાં પણ લોકોમાં ભયનો માહોલ જોવા મળે છે.

કરોડો રૂપીયાના ખર્ચે બનેલ દાહોદ તાલુકાના રળીયાતી ગામે આવેલ પ્રધાનમંત્રી આવાસોની કોલોની જેનું નામ આપવામાં આવ્યું છે દાહોદ નગરપાલિકા પંડિત દિનયાલ ઉપાદયાય કોલોની. આ કોલોનીમાં ૪૮૦ આવાસો આવેલ છે. ૪૮૦ આવાસોમાં લગભગ તમામ લોકો હાલ વસવાટ કરે છે. આ આવાસોની હાલત અત્યંત ખરાબ થઈ ગઈ છે. જર્જરીત અને જયાં જુઓ ત્યાં ગંદકી અને કચરાના સામ્રાજ્ય વચ્ચે અહીં લોકો વસવાટ કરી રહ્યાં છે. દાહોદ નગરપાલિકાના સાફ સફાઈના ટ્રેક્ટરો, કચરા પેટીઓ તેમજ લાખ્ખો રૂપીયાનું વેક્યુમ મશીન ભંગાર હાલતમાં આ વિસ્તારમાં પટકી દેવામાં આવ્યો છે. જાણે આ આવાસોની જગ્યાને માત્રને માત્ર ભંગાર ભેગો કરવા બનાવવામાં આવ્યું હોય તેમ લાગી રહ્યું છે. આખા દાહોદ શહેરનો કચરો અહીં ઢલવાતો હોવાના પણ આ વિસ્તારના લોકોના આક્ષેપો છે. આ પ્રધાનમંત્રી આવાસોમાં સ્ટ્રીટ લાઈનો પણ અભાવ છે. અહીંના લોકોના જણાવ્યાં અનુસાર, નોકરી, ધંધા પરથી રાત્રે ઘણીવાર મોડુ થઈ જતું હોય છે અને રાત્રીના સમયે અહીં સ્ટ્રીટ લાઈના અભાવે અંધારપટ વચ્ચે ડરના માહોલ સાથે પસાર થવું પડે છે. ૪૮૦ આવાસો વચ્ચે માત્ર એકનો એક પાણીનો બોર છે. આ પાણીના બોરમાંથી પાણી ભરવા સવારથી જ લોકો લાંબી લાઈનોમાં ઉભા થઈ જાય છે. પાણીની સુવિધા મામલે પણ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

સૌથી ચોંકાવનારી માહિતી એ મળી છે કે, આ પ્રધાનમંત્રી આવાસોમાં કેટલાંક આવાસો ખાલી રહેતાં અસામાજીક તત્વોએ પોતાનો અડ્ડો જમાવી રાખ્યો છે સાથે સાથે વેશ્યાવૃતિ જેવી પ્રવૃતિઓને પણ આ આવાસોમાં મોકળું મેદાન મળ્યું હોય તેમ કહેવાઈ રહ્યું છે. આવાસો વાળા આ વિસ્તારમાં ઠેર ઠેર અસહ્ય ગંદકી, કચરાના ઢગલાઓ, સાફ સફાઈનો અભાવ તેમજ આસાવોની જાણવણીના અભાવે મોટા ઝાંડી–ઝાંખરા ઉગી નીકળ્યાં છે. ઘણા આવાસોમાં તો કચરો પણ ભેગો કરવામાં આવ્યો છે. ઝાંડી ઝાંખરાના કારણે ઝેરી સાપ, ઝેરી જીવજંતુઓ પણ નીકળતાં હોવાને કારણે રહીશો ભારે ડર વચ્ચે જીવન વિતાવી રહ્યાં છે. આ આવાસોમાં પ્રાથમીક સુવિધાઓનો ખરેખર અભાવ જોવા મળી રહ્યો છે.

કાચા મકાનોમાંથી સપનાના આવાસોમાં રહેવા આવનાર શ્રમિકો તેમજ લાભાર્થીઓ નર્કાગાર જેવી પરિસ્થિતી ભોગવવા મજબુર બન્યાં છે. સ્થાનીક વહીવટી તંત્ર તેમજ સલંગ્ન વિભાગોમાં અહીંના લાભાર્થીઓ દ્વારા અનેકવાર રજુઆત કરવા છતાંય કોઈ પ્રકારની યોગ્ય કામગીરી અત્યાર સુધી કરવામાં આવી ન હોવાના પણ અહીંના રહીશો દ્વારા આક્ષેપો કરવામાં આવ્યાં છે.

કરોડો રૂપીયાના ખર્ચે ઉભા કરવામાં આવેલ અને કોલોની બનાવવામાં આવેલ આ પ્રધાનમંત્રી આવાસોમાં આવનાર દિવસોમાં ખંડેર બની જશે તેમ કહીએ તો તેમાં કોઈ અતિશ્યોક્તિ નહીં ગણાય. કારણે કે, આ આવાસો રહેવા લાયક તો થીક પરંતુ આવાસોની દુર્દશા જોઈ અને આ કોલોનીની દુર્દશા જોઈ એવુ જ પ્રતિત થઈ રહ્યું છે કે, આવનાર સમયમાં આ સરકારી આવાસો ખંડેર અથવા તો અસામાજીક તત્વોનો અડ્ડોજ બની રહેશે તેમ લાગી રહ્યું છે. અનેક સમસ્યાઓથી ઘેરાયેલ આ સરકારી આવાસોના રહીશોની લાગણી અને માંગણી તેમજ સુવિધાઓને ધ્યાન લઈ સંલગ્ન તંત્ર કોઈ નક્કર આયોજન કરી આ મામલે કામગીરી કરે તે અત્યંત આવશ્યક બની રહ્યું છે.

## ફતેપુરાના વાંગડ ગામના સરપંચના પતિએ અરજદાર ઉપર ઉશ્કેરાઈ જઈ ગાળો આપી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ

ફતેપુરા,
દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના વાંગડ ગામના મહિલા સરપંચના પતિ દ્વારા એક અરજદારને કામના અર્થે મોબાઈલ ફોન પર થયેલ વાતચીતમાં એકદમ ઉશ્કેરાઈ જઈ અરજદારને મોબાઈલ ફોન પર બેફામ ગાળો બોલી, મારી નાંખવાની ધમકી આપી તેમજ અપશબ્દો બોલતાં આ સમગ્ર વાતચીતનો ઓડીયો કલીપ સોશીયલ મીડીયામાં વાઈરલ થતાંની વેંત જિલ્લામાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામી છે ત્યારે આ મામલે અરજદાર યુવક દ્વારા મહિલા સરપંચના પતિ વિરૂધ્ધ ફતેપુરા પોલીસ મથકે લેખિત અરજી આપી પોતાના જાનનું જોખમ હોવાનું જણાવી સરપંચના પતિ અને તલાટી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરી છે.

પારગી મૌલીકકુમાર વસંતભાઈ દ્વારા આજરોજ ફતેપુરા પોલીસ મથકે આપવામાં આવેલ લેખિત અરજીમાં જણાવ્યાં અનુસાર, પોતાના સમાજના એક ભાઈને જરૂરી કામ હોવાથી વાંગડ ગામના તલાટીના સહી સિક્કાની જરૂર હતી જેથી તેઓએ તલાટીને મોબાઈલ ફોન કર્યો હતો. તલાટીએ ફોન પર જણાવ્યું હતું કે, તલાટીના સિક્કા મારી પાસે નથી પણ સરપંચ પાસે છે. તલાટીનો સિક્કો તે સરકારી સિક્કો છે અને તે સિક્કાનો દુરૂઉપયોગ પણ થઈ શકે છે માટે તે માટે મૌલીકભાઈએ સવાલ કર્યો હતો અને તલાટીએ સરપંચ સાથે વાત કરવા જણાવ્યું હતું. આ બાદ મૌલિકભાઈએ વાંગડ ગામના મહિલા સરપંચ ટીનાબેન વિનોદભાઈ પારગીના પતિ વિનોદભાઈ વિછીયાભાઈ પારગીને મોબાઈલથી ફોન કર્યો હતો અને વિનોદભાઈએ હું સરપંચ છું કહીને મૌલિકભાઈને અપશબ્દો બોલવાનું શરૂ કરી દીધું હતું. કરોડરજ્જુ તોડી નાંખવાની અને કુતરાની જેમ દોડાવીને માર મારીશ અને ઉંચા અવાજે મારી સાથે વાત કરીશ તો જીભ કાપી નાંખીશ તેવી મૌલિકભાઈને ધમકી પણ આપી હતી.

ઉપરોક્ત સમગ્ર વાતચીતનો ઓડીયો કલીપ સોશીયલ મીડીયામાં વાઈરલ થતાંની વેંત જિલ્લાની ગ્રામ પંચાયત આલમ સહિત ઉચ્ચ અધિકારીઓમાં જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

વધુમાં મૌલિકભાઈના જણાવ્યાં અનુસાર, મહિલા સરપંચ અને તલાટી સરકારી કર્મચારી છે અને જવાબદાર વ્યક્તિ છે. સરકારી દરેક યોજનાઓના અમલીકરણની જવાબદારી તલાટીની જ હોય છે અને એવી વ્યક્તિ પોતાના સિક્કા અને કદાચ સહી કરવાની સત્તા સરપંચના પતિને આપી સરકાર વિરોધી અને ગેરકાયદેસર રીતે કૃત્ય કરેલ છે અને સરપંચ જે એક જવાબદાર વ્યક્તિ છે તે પોતાના પતિને સત્તા જો પંચાયતી રાજ અને સ્થાનીક સ્વરાજ્યમાં મહિલા અનામત દ્વારા મહિલાઓની ભાગીદારી સરેઆમ ભંગ કરી રહ્યાં હોવાના પણ આક્ષેપો કરવામાં આવ્યાં હતાં.
ઉપરોક્ત મામલા સંદર્ભે સરકાર વિરોધી કૃત્ય અને સરકારી સત્તાના દુરૂપયોગ કરવા માટે કાયદેસરની કાર્યવાહી કરવા ફતેપુરા પોલીસ મથકમાં અરજ કરી હતી.

## દાહોદના કતવારા ગામે કૃષ્ણ પ્રણામી મંદિરના કાર્યક્રમમાં ભજન સંધ્યા યોજાઈ



દાહોદ,
દાહોદ તાલુકાના કતવારા ગામે કૃષ્ણ પ્રણામી રાજ મંદિર ખાતે કળશ અનાવરણ મહોત્સવમાં હેમંત ચૌહાણના ભજન સંધ્યા કાર્યક્રમમાં નોટોનો વરસાદ થયો હતો. મોટી સંખ્યામાં ભજન સંધ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યાં હતાં.

કતવારા ગામે કૃષ્ણ પ્રણામી રાજ મંદિર ખાતે ભવ્યાતિ ભવ્ય કળશ અનાવરણ મહોત્સવના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કતવારા ગ્રામજનોની સાથે દાહોદ જિલ્લાના શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારના લોકોએ આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખાસ ઉપસ્થિતી આપી હતી. ખાસ કરીને ગતરોજ ભજન સંધ્યા કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં ખ્યાતનામ ભજન સંધ્યાના ગાયક હેમંત ચૌહાણની ઉપસ્થિતીમાં ભજન સંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ભજન સંધ્યામાં નોટોનો વરસાદ થયો હતો. ભાવિક ભક્તોએ હેમંત ચૌહાણના ભજન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. ત્યારે ગામના અગ્રણીઓ સહિત દાહોદ જિલ્લાના અગ્રણીઓ પણ ભજન સંધ્યાના કાર્યક્રમનો લ્હાવો લીધો હતો.

## ગોધરામાં આદિજાતિ મંત્રીના વિરૂદ્ધમાં ચાલતાં આંદોલનમાં BTP પ્રમુખ હાજર રહ્યા

દાહોદ,
બોગસ આદિવાસી મોરવા હડફના ધારાસભ્ય અને આદિજાતિ મંત્રી બનેલા નિમીષા સુથાર વિરૂદ્ધ ચાલી રહેલા ગોધરા આંદોલનમાં દાહોદ જિલ્લા BTP પ્રમુખ દેવેન્દ્ર મેડા BTTજપ્રમુખ તેમજ એમની ટિમ દ્વારા પ્રવીણભાઈ પારગીને ફૂલ હાર થી સ્વાગત કરી સાથ સહકાર અને સમર્થન આપવામાં આવ્યું.

આજે રવિવારના રોજ બોગસ આદિવાસી મંત્રી હટાવવાના મુદ્દાને ધ્યાને લઈ સમર્થન માટે સેવા સદન ગોધરા આદિવાસી સમાજના તમામ સંગઠનો જેવા BTTS દાહોદ જિલ્લામાં આદિવાસીઓનું મોટુ સંગઠન તેમજ BTP પાર્ટી દાહોદના તમામ હોદ્દેદારો તેમજ સમાજના અગ્રણીઓ, સામાજિક કાર્યકર્તાઓ સમાજની સમસ્યા ને ધ્યાને લઈ પોંહચિયા. જે સમાજના હિત માટે કામ કરવા માંગતા હોય, અને સમાજ પ્રત્યે લાગણી હોય તેવા તમામ ને આહવાન કરવામાં આવ્યું કે પોતાની ફરજ સમજી સામાજિક લડાઈમાં ભાગ લીધો.

પ્રવીણભાઈ પારગીની મુવમેન્ટ ને સમર્થન આપી અને તમામ આદિવાસી યુવા અને વડીલો તેમજ દાહોદ જિલ્લાના તમામ આદિવાસી ગામેગામથી આવીને દરેક વિસ્તારમાંથી બહાર નીકળિયા અને ગોધરા સેવા સદન ખાતે પોહચિયા અને સમર્થન આપ્યું.

## દાહોદ ખાતે વિશ્વ દિવસ નિમિતે મેકીંગ સ્પર્ધાનું આયોજન

દાહોદ,
ઝાયડસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ દાહોદ ખાતે વિશ્વ માનસિક દિવસ નિમિત્તે પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ.કોરોનાની મહામારી ના કારણે થયેલ માનસિક અસર વિશે જનજાગૃતિ કેળવવાના ઉદ્દેશયથી આ સ્પર્ધા યોજવામાં આવેલ. જેમાં એમ.બીબી.એસ પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા ૨૦૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. આ સ્પર્ધાનું આયોજન કોલેજના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર સંજય કુમાર અને ડીન ના માર્ગદર્શન હેઠળ, કમ્યુનિટી મેડિસિન વિભાગ દ્વારા કરવામાં આવ્યું. જેનું સંકલન વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડોક્ટર શોભના ડાંગી દ્વારા કરવામાં આવેલ. સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડોક્ટર જય બુટે, ડો.મેઘા વસૈયા અને ડો. પૂનમ હાજર રહ્યા હતા. પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમને પ્રોત્સાહન સ્વરૂપે એવોર્ડ અને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આખરે વિભાગના હેડ ડોક્ટર જય એ સૌનો આભાર વ્યક્તિ કર્યો હતો.અને ત્યાં મેડિકલ કોલેજના સિનિયર મેનેજર હેતલ રાવ ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદના ચોસલા ગામેથી ૧.૧૦ લાખનો દારૂ ઝડપ્યો

દાહોદ,
દાહોદ તાલુકાના ચોસાલા ગામે પોલીસે એક ટાવેરા ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂ કિંમત રૂા.૧,૧૦,૪૦૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા.૩,૫૦,૪૦૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૨૨મી ઓક્ટોમ્બરના રોજ દાહોદ તાલુકા પોલીસને મળેલ બાતમીના આધારે ચોસાલા ગામેથી નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવિલ એક ટાવેરા ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને તે સમયે પોલીસને જોઈ ગાડીનો ચાલક સ્થળ પર પોતાના કબજાની ગાડી મુકી નાસી જતાં પોલીસે ગાડીમાં વિદેશી દારૂ અને બીયરની બોટલો નંગ. ૧૦૦૮ કિંમત રૂા.૧,૧૦,૪૦૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા.૩,૫૦,૪૦૦નો મુદ્દામાલ પોલીસે કબજે લઈ ફરાર ગાડીના ચાલક વિરૂધ્ધ દાહોદ તાલુકા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ સહકાર નગરના મકાન માંથી તસ્કરો લેપટોપ ચોરી કરી

દાહોદ,
દાહોદ શહેરના સહકાર નગરમાં એક મકાનમાં તસ્કરોએ હાથફેરો કરી રૂા.૧૦,૦૦૦ની કિંમતનું લેપટોપ ચોરી કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે. દાહોદના સહકાર નગરમાં વિદ્યાધામ સોસાયટીમાં રહેતાં ગોપીનાથ સ્વપનકુમાર કર્માકરના બંધ મકાનમાં ગત તા.૧૨મી ઓક્ટોમ્બરના રોજ અજાણ્યા ચોર ઈસમોએ મકાનના દરવાજાનું તાળુ તોડી પ્રવેશ કર્યો હતો અને મકાનમાં મુકી રાખેલ ૧૦,૦૦૦ની કિંમતનું લેપટોપ ચોરી કરી લઈ તસ્કરો નાસી જતાં આ સંબંધે ગોપીનાથ સ્વપનકુમાર કર્માકર દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જીલ્લામાં ઈન્દોર હાઈવે ઉપર ટ્રક અને કાર વચ્ચે અકસ્માતમાં કાર સવારો ઈજાગ્રસ્તો



દાહોદ,
દાહોદ જિલ્લામાં આવેલ અમદાવાદ–ઈન્દૌર નેશનલ હાઈવે નજીક ટ્રક અને કાર વચ્ચે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાતા કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. ગંભીર ઈજાગ્રસ્તોને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. વહેલી સવારના રોજ દાહોદમાંથી પસાર થતાં અમદાવાદ–ઈન્દૌર નેશનલ હાઈવે પીપલોદ નજીક ટ્રક અને કાર વચ્ચે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાતાં કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. ઘટનાને પગલે આસપાસના લોકો દોડી આવ્યાં હતાં. સ્થાનીક લોકોએ ગંભીર ઈજાગ્રસ્તોને ગાડીમાં બહાર કાઢવામાં આવ્યાં હતાં અને ત્યાર બાદ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા તેમજ નજીકની પોલીસને આ અકસ્માતનો જાણ કરાતાં બંન્ને તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયાં હતાં. ગંભીર ઈજાગ્રસ્તોને નજીકના દવાખાને ખસેડવામાં આવ્યાં હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. ત્યારે આ માર્ગ અકસ્માતને પગલે ઘટના સ્થળ પર લોકટોળા પણ ઉમટી પડ્યાં હતાં. કારમાં નાના બાળકો પણ સવાર હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે આ સંબંધે સ્થાનીક પોલીસે તપાસનો હાથ ધરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## રાજસ્થાન સરહદે પાક. સૈન્ય વડા બાજવાની હાજરીમાં પાકિસ્તાનનો યુદ્ધાભ્યાસ



ઈસ્લામાબાદ,
પાક. સૈન્યની મેકેનાઈઝ્ડ ડિવીઝનના આર્મી ચીફ જનરલ બાજવા સામે અનેક પ્રકારના કરતબો દેખાડયા હતા. પાક. સૈન્યની પ્રોપેગંડા વિંગ ઈંટર-સર્વિસિઝ પબ્લિક રિલેશંસે જણાવ્યું હતું કે મેકેનાઈઝ્ડ સૈન્યએ આક્રામક યુદ્ધાભ્યાસ સહિતની ટેંકોના અનેક પર્ફોર્મંશનું પ્રદર્શન કર્યું હતું.એક તરફ ચીન સરહદે તંગદીલી છે ત્યારે રાજસૃથાન સરહદે પાકિસ્તાન તરફ પાક. સૈન્ય યુદ્ધાભ્યાસ કરી રહ્યું છે. આ યુદ્ધાભ્યાસને જોવા માટે પાક. સૈન્યના વડા જનરલ બાજવા પહોંચ્યા હતા. આ યુદ્ધાભ્યાસમાં પાક. સૈન્ય તોપમારો કરી રહ્યું છે. આ પ્રકારનો યુદ્ધાભ્યાસ પાકિસ્તાન સૈન્ય કાશ્મીર સરહદે વારંવાર કરી રહ્યું છે ત્યારે હવે રાજસૃથાન સરહદે પણ યુદ્ધાભ્યાસ ચાલી રહ્યો છે. રાજસૃથાન સરહદે જે યુદ્ધાભ્યાસ ચાલી રહ્યો છે તે ભારતની સરહદથી માત્ર ૧૦૦ કિમી જ દુર છે. પાક. સૈન્ય વાળા વિસ્તારો અસરાની અને ખૈરપુર તમેવાલી ભારતીય સરહદી નજીક જ આવેલા છે. આ સૃથળેથી ભારતીય એરબેઝ શ્રીગંગાનગર માત્ર ૧૬૪ કિમી જ દુર છે. બહાવલપુર પાસે થારના રણવિસ્તારમાં આ યુદ્ધાભ્યાસ પાક. સૈન્ય કરી રહ્યું છે જેને જોવા માટે પાક. સૈન્ય વડા જનરલ કમર બાજવા પણ પહોંચ્યા હતા. સરહદે આવીને પાક. સૈન્ય અને તેના વડાએ એક રીતે ભારતીય સૈન્યને ઉશ્કેરવાનો પ્રયાસ પણ કર્યો હતો.

## GTU ઘોડેસવારીનો કોર્સ શરૂ કરનારી દેશની પ્રથમ ટેક્નોલોજી યુનિવર્સિટી

અમદાવાદ,
ગુજરાત માઉન્ટેડ પોલીસ શાહીબાગ સ્થિત ઘોડાકેમ્પ ખાતે ઘોડેસવારીનો કોર્સ ચલાવે છે. જેમાં સરકારી કર્મચારી, વિદ્યાર્થી અને સામાન્ય નાગરિકોને ત્રણ મહિના માટે ઘોડેસવારીની ટ્રેનિંગ અપાય છે. શાહીબાગ ઘોડા કેમ્પના સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર ત્રણ મહિનાના કોર્સ માટે વિદ્યાર્થીઓ અને સરકારી કર્મચારીઓ માટેની ફી રૂ.૨૨૫૦ છે જ્યારે સામાન્ય નાગરિક પણ આ ઘોડેસવારીનો લાભ લઈ શકે તે માટે તેમને પણ ટ્રેનિંગ આપવામાં આવી રહી છે જેની ત્રણ મહિનાની ફી રૂ.૪૫૦૦ છે. પ્રોફેશનલ ટ્રેનર્સનું કામ હોર્સને રાઈડિંગ માટે તૈયાર કરવાનું તેમજ હોર્સને શેડલ્સ અને બ્રિડલ્સ પહેરાવવાનું હોય છે. સામાન્ય રીતે આ ટ્રેનર્સ મહિને ૨૫થી૩૦ હજાર ચાર્જ કરતા હોય છે. જેમાં સ્કૂલ ટ્રેનર્સ મહિને ૨૦ હજાર, પ્રોફેશનલ ટ્રેનર્સ ૪-૫ દિવસના ૨૫ હજાર, સ્પેશિયલ ટ્રેનિંગ માટે રેસ કોર્સ ટ્રેનર હોય છે જેઓ ૫૦-૬૦ હજાર ચાર્જ કરે છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.54

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# હાલોલ ગોપીપુરા સરપંચ વિકાસના કામોમાં ગેરરીતિ આચરતા આખરે સસ્પેન્ડ કરવાનો હુકમ

ગોપીપુરા પંચાયતના સરપંચ રામચંદ્ર બારીયા દ્વારા વિકાસના કામોનું ૨૬ લાખના બિલોનું અધિકારીની સહી વગર બારોબાર ચુકવણું કરી ગેરરીતિ આચરી હતી. તેમાં ડી.ડી.ઓ. દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. સસ્પેન્ડશનના વિરોધમાં વિકાસ કમિશ્નરમાં અપીલ કરી સરપંચ પદે ચાલુ રાખી ફેર તપાસનો હુકમ કરતાં ફેર તપાસમાં ગેરરીતિ ફલિત થતાં આખરે જીલ્લા વિકાસ અધિકારી દ્વારા સરપંચને સસ્પેન્ડ કરવામાં આવ્યા અને સરપંચ તરીકેનો ચાર્જ ડે.સરપંચને સોંપવામાં આવશે.

- અગાઉ સરપંચને સસ્પેન્ડ કરતા વિકાસ કમિશ્નરમાં અપીલ કરી સરપંચ પદ ચાલુ રહ્યા હતા.
- વિકાસ કમિશ્નરની ફેર વિચારણા હુકમના આધારે તપાસમાં સરપંચની ગેરરીતિ ફલિત થતાં સસ્પેન્ડ કરવાનો ડી.ડી.ઓ.નો હુકમ.

હાલોલ,

હાલોલ તાલુકાના ગોપીપુરા પંચાયતના સરપંચ દ્વારા વિકાસના કામોનું ૨૬ લાખ રૂપીયાનું બીલ સક્ષમ અધિકારીની સહીઓ વગર બારોબાર ચુકવીને ગેરરીતિ આચરવાના કિસ્સામાં ડી.ડી.ઓ. દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. સરપંચ દ્વારા સસ્પેન્ડસનના વિરોધમાં વિકાસ કમિશ્નરને અપીલ કરીને સસ્પેન્ડસન રદ કરાવ્યું હતું. જેને લઈ ગોપીપુરા પંચાયતમાં થયેલ ગેરરીતિની તપાસમાં સરપંચ દ્વારા અધિકારીની સહી વગર બારોબાર બીલ ચુકવી દેવાનું આવ્યું હોવાનું ખુલ્લા પંચમહાલ ડી.ડી.ઓ. દ્વારા સરપંચને સસ્પેન્ડ કરવામાં આવ્યા.

હાલોલ તાલુકાના ગોપીપુરા ગામના સરપંચ રામચંદ્ર બારીયા દ્વારા વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૦ દરમિયાન સ્વભંડોળ વિકાસના ૬ જેટલા કામોના વર્કબીલ સરકારી સક્ષમ અધિકારીની સહી વગર ૨૬ લાખનું ચુકવણું કરેલ હતું. તેમાં પણ વિકાસના કામોના મોટાભાગના બીલો પ્રમુખ સ્વામી ડેવલોપર્સને ચુકવી દઈને શંકાસ્પદ કામગીરી કરાઈ હતી. તેમાં વર્ષ ૨૦૧૮માં ગોપીપુરા મોટી ધોડી ગોરધનભાઈના ઘર પાસે નાળાનું કામ, નુરપુરા કાશી તલાવડી નાળાનું કામ, ભીખાપુરા સંરક્ષણ દિવાલના કામના કમ્પ્લીશન સર્ટી મેળવ્યા વગર નાણાનું ચુકવણું કર્યું હોવાનું ફલિત થતાં ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૫૭(૧) હેઠળ કાર્યવાહી કરતા સરપંચ તરીકેની સત્તાના દુરઉપયોગ કરવા બદલ ગોપીપુરા પંચાયતના સરપંચ તરીકે હોદ્દા ઉપર ચાલુ રાખવા હિતાવહ જણાતું ન હોય સરપંચને નોટીસ પાઠવીને ખુલાસો માંગવામાં આવ્યો હતો અને મૌખિક અને લેખિત સુનાવણી બાદ ૨૮ ઓગસ્ટ ૨૦૨૦માં સરપંચ પદથી દુર કરવામાં આવ્યા હતા. પંચાયતના સરપંચ રામચંદ્ર બારીયા એ ગાંધીનગર વિકાસ કમિશ્નરમાં અપીલ કરીને સસ્પેન્ડશનના હુકમને રદ કરી સરપંચ પદ ઉપર સ્થાપિત કરીને ડી.ડી.ઓ.ના હુકમ સાથે ફેર વિચારણા માટે વિકાસ કમિશ્નરના હુકમ કર્યા હતો. તેમાં ગોપીપુરા પંચાયતમાં રામચંદ્ર બારીયાના સમયગાળામાં થયેલા વિકાસના કામોની તપાસ કરતા વિકાસના કામોમાં સરપંચ દ્વારા સક્ષમ અધિકારીની સહીઓ વગર ચુકવણું કરીને ગેરરીતિ આચરવામાં હોવાનું સાબિત થતાં પંચમહાલ ડી.ડી.ઓ. દ્વારા ગોપીપુરાના સરપંચ રામચંદ્ર બારીયાને સરપંચ પદેથી સસ્પેન્ડ કરવાનો હુકમ કરવામાં આવતાં જીલ્લામાં મન માન્યો વહીવટ કરતાં સરપંચોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો.

## ગોધરા ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને વહીવટીતંત્રનાં સંયુક્ત ઉપક્રમે મેગા લીગલ કેમ્પ યોજાયો


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં ગોધરા ખાતે પાન ઈન્ડીયા અવેરનેસ એન્ડ આઉટરીચ કેમ્પેઈન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને જિલ્લા વહીવટી તંત્રનાં સંયુક્ત ઉપક્રમે મેગા લીગલ સર્વિસ કેમ્પ યોજાયો હતો. પોલિસ હેડક્વાર્ટર ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત યોજાયેલા આ કેમ્પનો પ્રિન્સિપલ ડિસ્ટ્રીક્ટ જજ જે.આર.શાહ, પોલિસ અધિક્ષક ડો. લીના પાટિલ સહિતના મહાનુભાવોએ દિપપ્રાગટ્ય દ્વારા શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે પોતાના સંબોધનમાં મુખ્ય જિલ્લા ન્યાયાધીશ જે.આર.શાહે જણાવ્યું હતું કે, સર્વને સમાન ન્યાય અને ન્યાય સમક્ષ સૌની સમાનતા એ ભારતીય બંધારણનો મૂળભૂત મંત્ર છે. ત્યારે પોતાના કાયદાકીય અધિકારોથી છેવાડાનો દરેક માનવી અવગત થાય અને જરૂરી કાનૂની માર્ગદર્શનથી વંચિત ન રહે, દરેકને કાયદાનું સમાન રક્ષણ મળે તે દિશામાં એક સુંદર પ્રયાસ આ પ્રકારનાં કેમ્પનાં માધ્યમથી કરવામાં આવ્યો છે. કોઈપણ વર્ગ ન્યાયથી વંચિત ન રહે તે પ્રકારની વ્યવસ્થા સુનિશ્ચિત કરવી આપણું લક્ષ્ય છે. રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ (નાલ્સા) તથા રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ ગુજરાતના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કેમ્પના માધ્યમથી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ચાલતી વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો એક જ સ્થળેથી સરળતાથી જરૂરિયાતમંદ લાભાર્થીઓને મળી રહે, વિવિધ યોજનાઓને લગતું માર્ગદર્શન એક જ સ્થળેથી મળી રહે તે પ્રકારની વ્યવસ્થા આ કેમ્પમાં ગોઠવવામાં આવી છે.

કાર્યક્રમ અંતર્ગત સ્ટેજ પર ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ૨૫થી વધુ લાભાર્થીઓને ૧૩ લાખથી વધુના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. મહાનુભાવોએ કાર્યક્રમ બાદ કેમ્પમાં વિવિધ સ્ટોલ્સની મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું તેમજ લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. ૪૧૦થી વધુ લોકોએ આ કેમ્પમાં ઉપલબ્ધ સેવાઓનો લાભ મેળવ્યો હતો.

આ મેગા કેમ્પમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ તેમજ સરકારના વિવિધ ૧૮ વિભાગો દ્વારા સ્ટોલ લગાડી મહિલાઓ, બાળકો, દિવ્યાંગો, ઔદ્યોગિક કામદારો, ઓછી આવક મર્યાદા ધરાવતા લોકોને વિવિધ યોજનાઓનાં લાભોનું વિતરણ કરવાની સાથે તેમને નિશુલ્ક કાનૂની સહાય, મધ્યસ્થતા, લોક અદાલત વગેરેની વિગતવાર જાણકારી-માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પુરવઠા, રોજગાર, બાળ સુરક્ષા, મહિલા અને બાળ સુરક્ષા, ખેતીવાડી, અનુસૂચિત કલ્યાણ વિભાગ, વિકસતી જાતિ વિભાગ, ગોધરા નગરપાલિકા સહિતના વિવિધ સરકારી વિભાગો દ્વારા વ્હાલી દિકરી, આંતરજ્ઞાતીય લગ્ન સહાય, મુખ્યમંત્રી ઉત્કર્ષ યોજના, દિવ્યાંગ લગ્ન સહાય કેદી સહાય, એજીઆર-ટ્રેકટર સહાય, પંડિત દિન દયાલ આવાસ યોજના, મકાન સહાય યોજના, પાલક માતા પિતા યોજના ઉજ્જ્વલા યોજના સહિતના લાભોનું વિવિધ લાભાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ લાભાર્થીઓને તેમના પ્રશ્નોનું સમુચિત સમાધાન પુરૂ પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે ફુલ ટાઈમ સેક્રેટરી, ડિસ્ટ્રીક્ટ લીગલ સર્વિસ ઓથોરિટી એસ.એ.શેખ, બાર એસોસિયેશન, ગોધરાના પ્રમુખ આર.વી. વ્યાસ, એડિશનલ ન્યાયાધીશઓ, વકીલઓ સહિત ન્યાયતંત્રના વરિષ્ઠ અધિકારીઓ-કર્મચારીઓ, જિલ્લા વહીવટીતંત્રના વિવિધ વિભાગોના અધિકારીઓ-કર્મચારીઓ તેમજ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા લો કોલેજ દ્વારા પેન ઈન્ડીયા કેમ્પઈન દ્વારા કાનૂની માર્ગદર્શન યોજયું


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

''આઝાદી કા અમૃત મહોત્સવ'' ની ઉજવણીના ભાગરૂપે પેન ઈન્ડિયા કેમ્પઈન અંતર્ગત લો કોલેજ ગોધરા દ્વારા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ગોધરાના માર્ગદર્શન હેઠળ ડોર ટુ ડોર કેમ્પેઇન હાથ ધરવામાં આવ્યું. જેમાં મફત કાનૂની સલાહ, મહિલા અને બાળકો ના અધિકારો અંગેની જાણકારી આપવામાં આવી. ખાસ કરીને બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ ન મળતુ હોય કે નાની વયે બાળ મજૂરી જેવી બાબતોમાં તેમને કેવા પ્રકારની કાનૂની સહાય મળી શકે તથા કેવા સંજોગોમાં મળી શકે તે બાબતે જન જન સુધી જઈને આ સ્વંય સેવકોએ જહેમત ઉઠાવી લોકોના વાસ્તવિક જીવન તથા ગ્રામિણ પરિસ્થિતિ માં તેમને જાણવા મળેલા અનુભવોને આધારે અન્ય કાયદાકીય સલાહ સાથે કોવિડની પણ જાણકારી આપવામાં આવી હતી. વધુમાં સર્વે ને સમાન ન્યાય મળે અને આ બાબતે જાગૃતિ કેળવાય તે તે અર્થે જાફરાબાદ અને ગોવિંદી વિસ્તારના અંતરિયાળ ગામોમાં કોલેજના એન.એસ.એસ. વોલિયન્ટર્સ દ્વારા મોટેપાયે જન અધિકાર જાગૃતિ કાર્યક્રમ ઉજવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમના મુખ્ય સલાહકાર માર્ગદર્શક એવા લો કોલેજ ના પ્રિન્સિપાલ ડો અપુર્વ પાઠક તથા એન.એસ.એસ. ના કોઓરડીનેટર ડો. સતીશ નાકરે મહત્વ નો ભાગ ભજવ્યો હતો. કાર્યક્રમની સફળતામાં સમગ્ર કોલેજના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક સ્ટાફનો પણ અમૂલ્ય સહયોગ સાંપડ્યો હતો.

## શહેરાના દલવાડા રોડ ઉપર મારૂતીવાનમાં લઈ જવાતો ૧.૩૬ લાખના દારૂ સાથે એક ઈસમ ઝડપ્યો



શહેરા,

ગોધરા એલ.સી.બી. પોલીસ એ બાતમીના આધારે શહેરાના દલવાડા ગામે વોચ ગોઠવીને મારૂતીવાનમાં લવાતો ૧,૩૬,૭૫૪/-રૂપીયાનો દારૂનો જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી કે, મારૂતીવાનમાં નંબર જીજે.૨૩.એચ.૬૪૩માં દાહોદના લીમડી તરફથી દારૂનો જથ્થો લઈને નીકળેલ છે. વાઘજીપુર ચોકડી થઈ તાળવા તરફ જનાર છે. તેવી બાતમીના આધારે પોલીસે દલવાડા ગામે નાકાબંધી કરીને મારૂતીવાન માંથી રીઝર્વ વ્હીસ્કી બોટલો નંગ-૧૩૨ કિંમત ૯૫,૦૪૦/-, પ્રિમીયમ વ્હીસ્કી બોટલો નંગ-૨૪ કિંમત ૨૪,૮૪૦/-રૂપીયા, રીયો વ્હીસ્કી કવાટરીયા નંગ-૧૪૪ કિંમત ૧૦,૨૨૪/-, રોયલ વ્હીસ્કી પાઉચ નંગ-૯૫ કિંમત ૬,૬૫૦/- રૂપીયા મળી ૧,૩૬,૭૫૪/-રૂપીયા તમેજ મોબાઈલ, મારૂતીવાન મળી ૧,૮૭,૭૫૪/-રૂપીયાનો મુદ્દામાલ સાથે વિકુભાઇ નરસુખભાઈ માવી રહે. વરમખેડાને ઝડપી પાડવામાં આવ્યો.

## ગોધરા-ખરસાલીયા સ્ટેશન વચ્ચે ટ્રેનમાંથી પડેલ ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો



ગોધરા,

ગોધરા-ખરસાલીયા સ્ટેશન વચ્ચે અજાણ્યો યુવક મુસાફર ટ્રેન માંથી પડી જતાં ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા-વડોદરા રેલ્વે લાઈન ઉપર ગોધરા-ખરસાલીયા સ્ટેશન વચ્ચે આવેલ ૫૧ નંબરના ગેટ પાસે ઈજાગ્રસ્ત હાલતમાં યુવક મળી આવ્યો હતો. યુવક મુસાફર ટ્રેન માંથી પડી જતાં ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા. રેલ્વે ટ્રેક ઉપર ઈજાગ્રસ્ત હાલતમાં મળેલ યુવક બેભાન અવસ્થામાં હોય જેથી રેલ્વે પોલીસ દ્વારા ઈજાગ્રસ્ત યુવકના વાલી વારસોને શોધવા સોશ્યલ મીડીયામાં કવાયત શરૂ કરી છે. ઈજાગ્રસ્ત યુવક બિહાર તરફતો હોવાનું પોલીસ અનુમાન લગાવી રહી છે.

## શહેરાના ધાંધલપુર ખાતે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં રાજયપ્રધાન નિમીષાબેન સુથારે હાજરી આપી


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરાના ધાંધલપુર ખાતે રૂપિયા સવા કરોડના ખર્ચે નવનિર્માણ પામેલ પ્રથમ શિખરબંધ સંગેમરમર મંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણીના બીજા દિવસના સંત્સંગ કાર્યક્રમમા સ્થાનિક જિલ્લા સહિત દેશવિદેશમાંથી આવેલ હરીભકતો તેમજ રાજયપ્રધાન નિમીષાબેન સુથાર ઊપસ્થિત રહયા હતા.

શહેરાના ધાંધલપુર ખાતે રૂપિયા સવા કરોડના ખર્ચે નવનિર્માણ પામેલ પ્રથમ શિખરબંધ સંગેમરમર મંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના પ્રવર્તમાન આચાર્ય જીતેન્દ્ર પ્રિયદાસજી સ્વામીજી મહારાજની અદયક્ષતામાં થઈ હતી. પરમ પૂજય આચાર્ય સ્વામીજી મહારાજે નૂતન મંદિરના દ્વાર ખુલ્લા મુક્યા હતા. બીજા દિવસે મંદિર ખાતે વિવિધ મીઠાઈઓનો છપ્પન ભોગ ધરાવાયો હતો. સ્વામીનારાયણ ભગવાનની મુર્તિના દર્શન કરવા આસપાસ ના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં હરીભકતો ઉમટી પડયા હતા. જયારે સંત્સંગ કાર્યક્રમમાં દેશ વિદેશ માંથી અને સ્થાનિક હરિભકતો સાથે મોરવા હડફના ધારાસભ્ય અને રાજયપ્રધાન નિમીષાબેન સુથાર, પંચમહાલ જીલ્લા પંચાયતના પ્રમુખ કામીનીબેન સોલંકી તેમજ ભાજપના જિલ્લા ઉપપ્રમુખ જીગ્નેશભાઈ પાઠક ઉપસ્થિત રહયા હતા અને આચાર્ય જિતેન્દ્રયપ્રિયદાસજી સ્વામીની પાવન ઉપસ્થિતમાં ''મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ''માં હાજરી આપી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

## કાલોલમાં કોંગ્રેસ સમિતી દ્વારા ચુંટણી અને કોવિડ યાત્રાની સમીક્ષા બેઠક યોજાઈ


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

આગામી વિધાનસભા ચૂંટણી કોવિડ-૧૯ના યાત્રા કામગીરી સમીક્ષા સંગઠનની કામગીરી કાલોલ સહકારી ચૂંટણી કાલોલ નગરમાં વોર્ડ વાઈઝ વિવિધ કામગીરી જેવા વિવિધ મુદ્દે તેમજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા કાલોલ શહેર કોંગ્રેસ સમિતિને આપેલ માન્યતા અને હોદ્દેદારોને તેમની કામગીરી અને જવાબદારી સંભાળી લેવા બાબતે કાલોલ શહેર કોંગ્રેસની મીટીંગ પંચમહાલ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અજીતસિંહ ભાટી પ્રદેશ કોંગ્રેસ મંત્રી રફીક તિજોરીવાલા, કાલોલ શહેર તાલુકા નિરીક્ષક વકીલ આબિદ શેખ, રણવીરસિંહ જાદવ, સ્નેહરશ્મિ, ટીનાભાઇ ચૌહાણ, ઉમેશ શાહની ઉપસ્થિતિમાં કાલોલ શહેર કોંગ્રેસ કાર્યાલય મુકામે યોજાયેલ હતી. જેમાં વિવિધ કામગીરી સંબંધે જરૂરી ચર્ચા વિચારણા અને માર્ગદર્શન આપવામાં આવેલ અને કાલોલમાં કોંગ્રેસને વધુ મજબૂત કરવા ઉપર ભાર મૂકી નવ ન્યુકત હોદ્દેદારોને શુભેચ્છા અભિનંદન પાઠવી કોંગ્રેસમાં વફાદારી ઈમાનદારી અને નિષ્ઠાથી કામ કરવા આહવાન કરવામાં આવેલ નવ ન્યુક્ત કાલોલ શહેર પ્રમુખ અશોક ઉપાદયાયના અદયક્ષ સ્થાને યોજાયેલ મિટિંગમાં કાલોલ તાલુકા પ્રમુખ નરવતસિંહ પરમાર, જિલ્લામંત્રી ભુપેન્દ્ર ખેર, રાજુભાઈ ગજેન્દ્રસિંહ, ગનીભાઈ, વિપુલભાઈ વકીલ સહિત ખુબજ મોટી સંખ્યામાં કોંગી કાર્યકરો આગેવાનો હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## હાલોલ સ્વામિનારાયણ જયોત ખાતે જીલ્લા અખિલ ભારતીય સંત સમિતિનું મહાસંમેલન યોજાયું


તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,

હાલોલ બાયપાસ રોડ ઉપર આવેલ સ્વામિનારાયણ જયોત નિષ્ઠા વિદ્યામંદિર ખાતે અખિલ ભારતીય સંત સમિતિનું મહા સંમેલન યોજાયું હતું. તેમાં ૧૦૦ જેટલા સંતો, મહંતો, ધર્મગુરૂઓ હાજર રહ્યા હતા. હાલોલ સ્વામિનારાયણ જ્યોત નિષ્ઠા વિદ્યામંદિર ખાતે જીલ્લા અખિલ ભારતીય સંત સમિતિનું મહા સંમેલન યોજાયું હતું. આ મહા સંમેલનમાં હાલોલ, કાલોલ, ઘોઘંબા, જાંબુઘોડાના ૧૦૦ જેટલા સંતો મહંતો તેમજ ધર્મગુરૂઓ હાજર રહ્યા હતા. સૌ સંતોએ નાત, જાત, પંથ, સંપ્રદાયથી ઉપર ચડીને એક થઈ હિન્દુ ધમ સંસ્કૃતિની તેમજ હિન્દુ સમાજની એકતા અને જાગૃતિ માટે મહાઅભિયાન યથાવતનો સંકલ્પ કર્યો હતો. આ પ્રસંગે પ.પૂ. રામચરણદાસજી ઉપાદયાય ગુજરાત પ્રદેશ, અદયક્ષ પંચમહાલ પ.પૂ.સંતપ્રસાદ સ્વામી, સ્વામિનારાયણ મંદિરના સંત કેશવ સ્વરૂપદાસજી મહારાજ, પ.પૂ. લાલાબાપુ તાજપુર નારાયણ સેવા ધામ, હિન્દુ સેના પંચમહાલ, પૂ. ઈન્દ્રજીત મહારાજ, પૂ. વિક્રમદાસજી તેમજ અરવિંદભાઈ બ્રહ્મભટ્ટ હાજર રહ્યા હતા.

## ગોધરા મહાકાલી મંદિર ખાતે નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા સ્વચ્છતા અભિયાન યોજાયું



ગોધરા,

નેહરૂ યુવા કેન્દ્ર ગોધરા દ્વારા ગોધરા શહેરના મહાકાળી મંદિર ખાતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત સિંગલ યુઝ પ્લાસ્ટિક વેસ્ટ એકત્ર કરવામાં આવ્યું અને સ્વરછ ભારત અભિયાનની જનજાગૃતિ કરવામાં આવી. આ સમગ્ર કાર્યક્રમ DYO વિઠ્ઠલ ચોરમલેના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો. જિલ્લાના દરેક NYV હાજર રહ્યા.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કિંજલકુમાર શાહ
મુ. હેલોલ,
તા. કાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

જે. આર. શાહ
મુ. બેઢીયા,
તા. કાલોલ